
## જામિઅહ ઉલૂમુલ કુર્આન,
## જંબુસરનું મુખપત્ર




# અલ-બલાગ

## માસિક

**ઓગષ્ટ-૨૦૨૦**

માનદ તંત્રી
**અહમદ યાકૂબ પટેલ**
મુહતમિમ : જામિઅહ ઉલૂમુલ કુર્આન, જંબુસર

## અનુક્રમણિકા


| | |
|---|---|
| તંત્રી સ્થાનેથી | ૩ |
| ઉહદની મુસીબત અને .. | ૬ |
| મઆરિફુલ હદીસ | ૧૦ |
| કુરબાની રહી જાય તો... ? | ૧૫ |
| અલ્લાહના રઝામંદીની નિશાની | ૧૬ |
| મવ. યાકૂબ ભડકોદ્રવી સા. રહ. | ૨૦ |
| હઝ. મવ. અ.કાદિર કાવી રહ. | ૨૪ |
| વાતોની ખુશ્બૂ | ૨૮ |
| જનાબ સુલેમાન ભાઈ બાલા રહ. | ૩૦ |
| ફતાવા વિભાગ | ૩૧ |
| બોધકથા | ૩૩ |
| The Islamic perspective of Corona Virus | ૩૪ |
| છેલ્લા પાને | ૩૮ |


શબ્દોની પણ પોતાની એક આગવી દુનિયા છે.

દરેક શબ્દ પોતાનું કામ કરીને જ રહે છે.

અમુક શબ્દો રાજ કરે છે, અમુક ગુલામી. કોઈ નારાજ કરે છે તો કોઈ ખુશાલી. કોઈ શબ્દ માણસને બરબાદ કરે છે તો કોઈ સાચવે છે. આ માણસને ઊંચે પણ ચડાવે છે ને નીચે પણ પાડે છે. કોઈને વાઢે છે તો કોઈને સાંધે છે. નિશાન પણ તાકે છે ને તારવે પણ છે.


# અલ બલાગ

માસિક

માનદ તંત્રી :

**મુફતી અહમદ દેવલ્વી**

ઓગસ્ટ– ૨૦૨૦ ઈ.

ઝીલહજ્જ –૧૪૪૧ હિ.

વર્ષ – ૨૦, અંક – ૬

વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦–૦૦

છુટક કિંમત : ૧૦–૦૦ રૂા.

https://www.jamiahjambusar.in/Al__Balag.php

## તંત્રી સ્થાનેથી

હદીસ શરીમાં છે : નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એક દિવસ સહાબાને પૂછયું કે, તમે શહીદ કોને ગણો છો ?

સહાબા રદિ.એ અરજ કરી કે, જે માણસ અલ્લાહના રસ્તામાં માર્યો જાય એ શહીદ છે. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું : તો પછી મારી ઉમ્મતના શહીદોની સંખ્યા ઘણી ઓછી રહેશે. સહાબા રદિ.એ અરજ કરી કે, યા રસૂલલ્લાહ ! તો પછી કોણ કોણ શહીદ કહેવાશે ? નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું : જે માણસ અલ્લાહના રસ્તામાં દુશ્મનના હાથે માર્યો જાય એ શહીદ. જે માણસ અલ્લાહના રસ્તામાં પોતાની મોત મરે એ શહીદ. જે માણસ તાઉન બીમારીમાં મરે એ શહીદ. જે માણસ પેટની બીમારીમાં મરે એ શહીદ. જે માણસ ડૂબવાથી મરે એ પણ શહીદ. બીજી એક હદીસમાં છે કે જે માણસ ઈમારત, દીવાર કે કોઈ વસ્તુ પડવાથી દબાયને મરી જાય એ પણ શહીદ છે. એક હદીસમાં છે કે, જે માણસ પોતાના દીન, માલ, ઈઝઝત, ઘરવાળાઓને બચાવવામાં પ્રાણ ગુમાવે એ પણ શહીદ છે.

ઉપરોકત હદીસોના અનુસંધાને હદીસના વિદ્વાનોએ લખ્યું છે કે રોડ એકસીડન્ટ જેવી અસામાન્ય ઘટનાઓ અને અચાનક બહોળા પ્રમાણમાં ફેલાતી બીમારીઓમાં મરનાર પણ શહીદના દરજામાં ગણાય છે અને આખિરતમાં એને અલ્લાહ તઆલા શહીદનો મરતબો આપશે.

બલકે બુખારી શરીફની હદીસથી માલૂમ પડે છે કે જે માણસ આવી બીમારીના દિવસોમાં અલ્લાહ તઆલાની તકદીર ઉપર રાજી રહીને, ભરોસો રાખીને બીમારીવાળા શહેર – પ્રદેશમાંથી બહાર ન નીકળે અને ત્યાં જ રહે, અને પછી એને મોત આવે તો એને શહીદ જેવો સવાબ મળશે. આ હદીસના શબ્દો મુજબ અમુક ઉલમાએ લખ્યું છે કે આવા દિવસોમાં પોતાના સ્થળે, સબ્ર સાથે રહેનાર માણસ ગમે તેવી રીતે મૃત્યુ પામશે, એને શહીદનો સવાબ મળશે, ચાહે ત્યાં ફેલાયેલ વબામાં એનું મૃત્યુ ન થયું હોય.

આજકાલ કોરોનાની બીમારીએ એક મહામારીનું સ્વરૂપ ધારણ કરી લીધું છે અને લગભગ બધા જ ઉલમા – વિદ્વાનોના મતે આ બીમારીમાં વફાત

પામનારને પણ ઈન્શાઅલ્લાહ શહાદતનો મરતબો મળશે.

રોજ આસપાસ અને દૂરના, અનેક જાણ્યા – અજાણ્યા, સગાં – પારકાં, ઉલમા, શિક્ષિતો, સામાજિક આગેવાનો, અને સામાન્ય જનની વફાતના સમાચારો આવે છે, અને હચમચાવી જાય છે. અમારે ત્યાં તો હોસ્પિટલમાં કોરોનાની સારવાર શરૂ કરવામાં આવી છે, એટલે સાજા થઈને જનાર માણસોની સાથે અમુક માણસોની વફાત આંખો સામે જ થાય છે. દિમાગના વિચારો, દિલની લાગણીઓ, જીવન અને મૃત્યુના અંદેશાઓ, ભુતકાળ અને ભવિષ્યની ચિંતાઓ.. બધાની એવી ગડમથલ મચે છે કે શબ્દોમાં અહિંયા વર્ણવી શકાય એમ નથી. પણ .. એક પછી એક, નાના – મોટા લોકોની મોતના સમાચારો સાથે ઉપર વર્ણવેલી શહાદતની ખુશખબરી ઘણી શાંત્વના આપે છે. અને સાથે જ દિમાગ આ ખુશખબરીની સાર્થકતા વિચારવા લાગે છે, નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ અને સહાબા રદિ. ને દર બે ત્રણ માસે કોઈને કોઈ નાની મોટી લડાઈનો સામનો કરવો પડતો હતો. પછીના ઝમાનામાં સહાબા રદિ., તાબેઈન રહ. વગેરે લશ્કરમાં જોડાયને દૂર દૂરના પ્રદેશોમાં જતા હતા. આ લડાઈઓમાં બંને પક્ષે નુકસાન થાય જ, એટલે સહાબા અને તાબેઈન વગેરે રોજ એમના સગાઓ, દોસ્તો, ઉલમા, સરદારો, અમીરોની વફાત આંખોએ જોતા હશે, એમને પોતાના હાથે વતનથી દૂર દફન કરતા હશે અને ઘરે ફકત મોતના સમાચાર પહોંચતા હશે...

હા, હવે કંઈક સમજમાં આવે છે કે ઉપરાછાપરી મોત થતી હોય, કોઈના જીવનની કોઈ ગેરંટી ન હોય, રોજ પોતીકા અને પરાયાઓના જનાઝહ નીકળતા હોય તો આ સ્થિતિ લોકો અને સમાજ માટે કેટલી દુખદાયક હોય છે... કદાચ એટલે જ શહાદતનો મરતબો અલ્લાહ તઆલાએ નક્કી ફરમાવ્યો છે. આપણા પ્રદેશ, સ્થિતિ, માહોલ, આપણા કમઝોર દિલો અને શરીર, ઓછી હિમ્મત અને પાતળી દીનદારી ... બધા સંજોગો જોતાં શહાદતનો સવાબ અને મરતબો મેળવવો આપણા માટે અઘરો જ છે.. પણ આવી બીમારીમાં થતી મોતના બહાને અલ્લાહ તઆલા એના નેક બંદાઓને, ઈખ્લાસ સાથે કોઈ મકબૂલ નેકી – ભલાઈ કરનારને શહાદતના મરતબાથી નવાઝી દે છે.

આ લખનારને એમ વિચાર પણ આવે છે કે કોઈ કોમ, ગામ, પ્રદેશ અને સમાજ માટે આવી રીતે એકદમ ઘણા બધા લોકોનું મરવું, મુસીબતમાં પડવું, બીજી અનેક રીતે પણ ખેર અને ભલાઈનો સબબ બનશે. ઈન્શાઅલ્લાહ. બીમારીઓ અને તકલીફોથી ગુનાહોનું માફ થવાનું વર્ણન હદીસ શરીફમાં સ્પષ્ટ રૂપે આવ્યું છે. વર્તમાન મુસીબત આખા સમાજ, દેશ અને કોમ માટે છે. ફકત મોત અને બીમારી જ નહીં...નમાઝો, ઈબાદતો, દીન અને ઈસ્લામી જવાબદારીના અન્ય કામો, રોજગાર, વેપાર, નોકરી, ખેતી અને બીજા અનેક સામાજિક કામો આપણા અવરોધાયા છે. આ બધું મળીને જે મુસીબત આપણે વેઠી રહયા છે, એ આપણા માટે દુન્યવી ભવિષ્યમાં અને આખિરતમાં પણ મોટી ભલાઈનો સબબ બનશે. ઈન્શાઅલ્લાહ... ફકત શરત એટલી જ છે કે મુસીબત ઉપર અજ્ર મેળવવા માટે શરીઅતે નક્કી કરેલું માપદંડ આપણે જાળવી લઈએ... આ માપદંડ એટલે બીમારી કે મુસીબત આવી પડે તો સબ્ર કરવામાં આવે. મુસીબતના આ સમયે પોતાનું સ્થળ ન છોડીએ. નાસીપાસ થયા વગર પોતાની સ્થિતિ મુજબ ગામમાં કે શહેરમાં લોકો વચ્ચે જ રહીએ. એમ ન વિચારીએ કે આમ તેમ કર્યું હોત તો હું બીમાર ન પડત, અલ્લાહની તકદીર ઉપર ઈમાન રાખવામાં આવે. વગેરે..તો બધી મુસીબત આપણા માટે રાહતનો સબબ બનશે.

બીમારી અને તંદુરસ્તી, બંને અલ્લાહ તઆલાની નેઅમત છે. તંદુરસ્તીમાં માણસ પોતાની દીની અને દુન્યવી ફરજો પૂરી કરી શકે છે. અને બીમારીમાં આ બધું કરી શકતો નથી. પણ કોણ હશે જે તંદુરસ્તીમાં ખુદા અને મખ્લૂક પ્રત્યેની બધી ફરજો સારી રીતે પૂરી કરી શકતો હોય ? દરેકના અમલમાં કોઈ કોતાહી રહી જતે હશે. અને એટલે જ આપણે મગફિરત માંગતા રહીએ છીએ. પણ બીમારી થકી જે મુસીબત આવે છે એમાં તો મુસીબતના વળતર રૂપે અલ્લાહ તઆલા તરફથી મગફિરત અને રહમતના ભરપૂર વાયદા છે.

આપણે આ બંને સ્થિતિઓને સમાન રીતે અલ્લાહ તઆલા તરફથી સમજીને એના વાયદાઓ અને સવાબો ઉપર યકીન રાખવાની જરૂરત છે. અલ્લાહ તઆલા દરેક સ્થિતિમાં આપણને તકદીર ઉપર રાજી રહીને સ્થિતિ મુજબ એના હુકમો ઉપર અમલ કરવાની તોફીક આપે. આમીન.

---

# ઉહદની મુસીબતમાં મુસલમાનોની કોતાહી, ખુદાનો હુકમ અને મુનાફિકોની ગદ્દારી

*– મુફ્તી ફરીદ અહમદ કાવી.*

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

اَوَلَمَّاۤ اَصَابَتۡکُمۡ مُّصِیۡبَۃٌ قَدۡ اَصَبۡتُمۡ مِّثۡلَیۡہَا ۙ
قُلۡتُمۡ اَنّٰی ہٰذَا ؕ قُلۡ ہُوَ مِنۡ عِنۡدِ اَنۡفُسِکُمۡ ؕ اِنَّ
اللّٰہَ عَلٰی کُلِّ شَیۡءٍ قَدِیۡرٌ ﴿۱۶۵﴾ وَمَاۤ اَصَابَکُمۡ یَوۡمَ
الۡتَقَی الۡجَمۡعٰنِ فَبِاِذۡنِ اللّٰہِ وَلِیَعۡلَمَ الۡمُؤۡمِنِیۡنَ ﴿۱۶۶﴾
وَلِیَعۡلَمَ الَّذِیۡنَ نَافَقُوۡا ۚۖ وَقِیۡلَ لَہُمۡ تَعَالَوۡا
قَاتِلُوۡا فِیۡ سَبِیۡلِ اللّٰہِ اَوِ ادۡفَعُوۡا ؕ قَالُوۡا لَوۡ نَعۡلَمُ
قِتَالًا لَّاتَّبَعۡنٰکُمۡ ؕ ہُمۡ لِلۡکُفۡرِ یَوۡمَئِذٍ اَقۡرَبُ
مِنۡہُمۡ لِلۡاِیۡمَانِ ۚ یَقُوۡلُوۡنَ بِاَفۡوَاہِہِمۡ مَّا لَیۡسَ فِیۡ
قُلُوۡبِہِمۡ ؕ وَاللّٰہُ اَعۡلَمُ بِمَا یَکۡتُمُوۡنَ ﴿۱۶۷﴾ اَلَّذِیۡنَ
قَالُوۡا لِاِخۡوَانِہِمۡ وَقَعَدُوۡا لَوۡ اَطَاعُوۡنَا مَا قُتِلُوۡا ؕ
قُلۡ فَادۡرَءُوۡا عَنۡ اَنۡفُسِکُمُ الۡمَوۡتَ اِنۡ کُنۡتُمۡ
صٰدِقِیۡنَ ﴿۱۶۸﴾

તરજમહ :

અને જ્યારે તમને થોડી એવી મુસીબત પહોંચી જેવી બમણી મુસીબત તમે (બદરમાં શત્રુને) પહોંચાડી ચુકયા છો, તો હવે તમે કહો છો કે આ (મુસીબત) ક્યાંથી આવી ? (હે નબી !) આપ કહી દો કે આ મુસીબત તમારા પોતાની જ છે. બેશક, અલ્લાહ તઆલા દરેક વસ્તુની કુદરત રાખનાર છે.(૧૬૫) અને તમને જે મુસીબત બે ફોજોના મુકાબલાના દિવસે પહોંચી તે અલ્લાહહ તઆલાના હુકમથી પહોંચી છે. જેથી અલ્લાહ ઈમાનવાળાઓને જાણી લે, (૧૬૬) અને તે લોકોને પણ જાણી લે જેમણે મુનાફકત અપનાવી (એટલે કે છુપા શત્રુ બની રહયા) અને તેમને કહેવામાં આવ્યું કે આવો અલ્લાહના રસ્તામાં લડો, અથવા (સાથે રહીને) દુશ્મનને રોકો. તો કહેવા લાગ્યા કે જો અમે (આ બધાને) કંઈક લડાઈ સમજતા હોત તો જરૂર તમારી સાથે રહેત. આ

લોકો તે દિવસે ઈમાન કરતાં કુફ્રથી વધુ નજીક થઇ ગયા. તેઓ એમના મોઢેથી એવી વાતો કહે છે, જે એમનાં દિલોમાં નથી, પણ તેઓ જે કંઈ છુપાવી રહયા છે તે બધું અલ્લાહ તઆલા ખૂબ જાણે છે. (૧૬૭) આ ઘરમાં બેસી રહયા છે અને એમના ભાઈઓ વિશે કહે છે કે જો તેઓ અમારી વાત માની લેત તો કતલ (શહીદ) ન થાત. (હે નબી !) તમે કહી દો કે જો તમે સાચા છો તો પોતાનાથી મોતને દૂર રાખી બતાવજો (૧૬૮)

તફસીર : ઉહદની લડાઈમાં મુસલમાનોના પક્ષે ભારે નુકસાન થયું હતું, એનું વર્ણન અગાઉ આવી ચુકયું છે. લડાઈના અંતે અમુક મુસલમાનોને આ બાબતે અસમંજસ અને નવાઈ હતી કે અમે ઈમાનવાળા અલ્લાહની રાહમાં લડીએ છીએ, અમારા માંહે નબી પણ છે, અને સામે પક્ષે ખુદા વ રસૂલના દુશ્મનો છે, છતાં આમ કેમ ? અલ્લાહ તઆલા તરફથી આ બાબતે મુસલમાનોને ઘણી સુંદર અને બોધદાયક નસીહત અને તાલીમ આપવામાં આવી છે. સહુ પ્રથમ અલ્લાહ તઆલા ફરમાવે છે કે જે કંઈ મુસીબત આજે તમારા ઉપર આવી છે, તમે એનાથી બમણી મુસીબત આ પૂર્વે શત્રુઓને પહોંચાડી ચુકયા છો, એટલે બદરમાં તમે એમના ૭૦ માણસોને માર્યા હતા અને ૭૦ ને કેદ પણ પકડયા હતા. આમ યાદ અપાવવાનો મકસદ આ છે કે વર્તમાન તકલીફ અને મુસીબતનો બોજ – એહસાસ ઓછો થાય. મુસલમાનો અગાઉ બમણી જીત મેળવી ચુકયા છે, એટલે ત્યાર પછી કોઈ નાની હાર થાય તો એનાથી ગમગીન થવાની કે અસમંજસમાં પડવાની જરૂરત નથી.

બીજી વાત એ કહેવામાં આવી કે આ મુસીબત મુસલમાનોએ હાથે કરીને વહોરી છે. એમાં દુશ્મનની શકિત કે પ્રભાવને કોઈ લેવા દેવા નથી. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના આદેશ ઉપર અમલ કરવામાં મુસલમાનો દ્વારા જે કોતાહી થઈ એનું પરિણામ છે. આયતના અંતે અલ્લાહ તઆલા ફરમાવે છે કે અલ્લાહ બધી જ બાબતે શકિતશાળી છે, એટલે કે મુસલમાનોને આ હાર આપનાર પણ અલ્લાહ તઆલા છે. એમાં શત્રુની શકિતનો કોઈ દખલ નથી. જે થયું તે અલ્લાહના કરવાથી

અને એના હુકમથી જ થયું છે.

આયત નં ૧૬૬ માં ફરી આ જ વાત એક બીજી નસીહત સાથે દોહરાવવામાં આવી છે : મુસલમાનો અને એમના શત્રુ મક્કાના કાફિરો સાથેની લડાઈના દિવસે જે કંઈ મુસીબત તમારા ઉપર આવી, એ અલ્લાહના હુકમથી જ આવી છે, એનો એક મકસદ આ છે કે અલ્લાહ તઆલા સાચા – પાકા મુસલમાનો અને મુસલમાનીનો દેખાડો કરનાર મુનાફિકોને ઓળખી લે એટલે કે લોકો સમક્ષ પણ એમને ખુલ્લા પાડી દે. ઉહદની લડાઈ શરૂ થતાં પહેલાં રસ્તેથી જ મુનાફિકોનો સરદાર અબ્દુલ્લાહ બિન ઉબય અને એના સમર્થક ૩૦૦ માણસો અલગ થઈ ગયા હતા, પછી લડાઈ વેળા પણ સ્થિતિ નાજુક જોઈને અમુક મુનાફિકો અળગા થઈ ગયા હતા.

આયત ૧૬૭ માં એમના અલગ થવાની ઘટનાનું કંઈક વિગતે વર્ણન છે, શત્રુની ચડાઈની ખબર પડી તો સૌપ્રથમ મદીના શરીફમાં મશ્વેરો કરવામાં આવ્યો. એમાં અબ્દુલ્લાહ બિન ઉબય મુનાફિક અને ઘણા મુસલમાનોની સલાહ આ હતી કે મદીનામાં રહીને જ શત્રુની રાહ જોવામાં આવે અને મુકાબલો કરવામાં આવે. અમુક યુવાન જોશીલા સહાબાની સલાહ આ હતી કે મદીના બહાર નીકળીને ખુલ્લા મેદાનમાં લડવામાં આવે. બધી વિગત અગાઉ લખાય ચુકાય છે. અંતે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે બહાર નીકળીને લડવાનો નિર્ણય ફરમાવ્યો. અબ્દુલ્લાહ બિન ઉબય પણ એના ૩૦૦ હિમાયતીઓ સાથે મુસલમાનો નીકળ્યો, પણ અર્ધા રસ્તેથી એમ કહીને પાછો વળી ગયો કે સામે પક્ષે મોટું સંખ્યાબળ છે, શસ્ત્ર સરંજામ પણ વધારે છે અને આપણે નબળા છીએ, અમારી સલાહ પણ માનવામાં આવી નથી, એટલે એમ પાછા વળી જઈએ છીએ. આ વેળા એમને કહેવામાં આવ્યું કે, ભલે ! તમે લડાઈમાં ભાગ ન લેજો. પણ લશ્કરની સાથે ચાલો, જેથી શત્રુની સામે મુસલમાનોની સંખ્યા વધારે લાગે અને તેઓ ઉપર પ્રભાવ પડે, ધાક બેસે, લડાઈમાં એનાથી પણ ઘણો ફાયદો થશે. એટલે કે તમારો આટલો

સહકાર પણ શકય છે કે શત્રુને પાછો ધકેલવા કે હરાવવામાં લાભદાયી બને, તો એમણે જવાબમાં કહયું કે અમને આ કોઈ લડાઈ જ નથી લાગતી, બલકે સામે ચાલીને મરવા જવા જેવું છે. લડાઈ હોત તો અમે જરૂર એમાં ભાગ લેત.

એમના આ જવાબ વિશે અલ્લાહ તઆલા ફરમાવે છે કે, એમ તો તેઓ મુનાફિક જ હતા, ફકત જાહેરી રીતે ઈમાનનો દેખાડો કરતા હતા, એટલે જાહેરી રીતે તેઓ ઈમાન અને કુફ્રની વચ્ચે અવઢવમાં હોય એમ લાગતું હતું, પણ આવા સમયે, આવો જવાબ આપીને એમનું પાછા વળી જવાથી જાહેરમાં પણ દેખાય ગયું કે તેઓ ઈમાન તરફે નથી, અને ઈમાન કરતાં કુફ્રના રસ્તે વધારે છે. ફકત મોઢેથી ઈમાનની વાતો કરે છે, એમના દિલમાં ઈમાન જેવી કોઈ વસ્તુ નથી. દિલમાં કુફ્ર છુપાવી રાખ્યું છે અને મોઢેથી ઈમાનના દાવા કરે છે, પણ અલ્લાહ તઆલા લોકોના દિલોના હાલ જાણે છે અને જે કુફ્ર તેમજ મુસલમાનોની દુશ્મની એમના દિલોમાં છુપાયેલી છે એ પણ જાણે છે.

આ લડાઈમાં જે મુસલમાનો શહીદ થયા એમના વિશે આ લોકોનું કથન અગાઉ પણ આયત ૧૫૬માં આવી ગયું કે, આ બધા અમારી સાથે જ રહયા હોત, લડાઈમાં ગયા ન હોત તો આમ મર્યા ન હોત અને અમારી જેમ જીવતા હોત ! અહિંયા ફરી એમનું આ કથન વર્ણવીને કહેવામાં આવ્યું કે, મૃત્યુ અને જીવન તો અલ્લાહ તઆલાના હાથમાં છે. ઘરે બેસવામાં સલામતી અને યુદ્ધના મેદાનમાં મૃત્યુ, એ કંઈ નક્કી નથી. અને જો તમે એમ જ સમજતા હોવ કે તમારી જેમ એ લોકો ઘરમાં બેસી રહયા હોત તો એમને મોત ન આવત, તો તમારા મૃત્યુનો સમય આવે ત્યારે તમે મોતને દુર કરી બતાવજો, પોતાને મોતથી બચાવીને સલામત કરી રાખજો, તમને સમજમાં આવી જશે કે આવી બધી બાબતોને મોત સાથે કોઈ લેવા દેવા નથી. આ તો તમારા દિલમાં કુફ્ર અને મુનાફકત ભરેલાં છે, એટલે તમે આવી બધી વાતો કરો છે.

---

# મઆરિફુલ હદીસ

હઝરત મવલાના મંઝૂર નોમાની (રહ.)

**અનુવાદ** : *મવલાના યાકૂબ બારીવાલા સા. રહ.*

*(બ્લેકબર્ન. યુ.કે.)*

**૧૪૫**

## *બીમારીમાં તંદરૂસ્તી વખતના કર્મોનો સવાબ*

(٢٩٩) عَـنْ اَبِـى مُـوْسٰـى رض قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ صلى الله عليه وسلم اِذَا مَرِضَ الْعَبْدُ اَوْسَافَرَ كُتِبَ لَهٗ بِمِثْلِ مَا كَانَ يَعْمَلُ مُقِيْماً صَحِيْحاً۔ (رواه البخارى)

તરજુમોઃ– હઝરત અબૂ મૂસા અશઅરી (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યુંઃ જયારે કોઈ બંદો બીમાર હોય, અથવા સફરમાં જાય, (અને બીમારી અથવા મુસાફરીને લઈ તેની ઈબાદત વગેરે અમલો પુરા કરવાથી લાચાર થઈ જાય) તો અલ્લાહ તઆલાને ત્યાં એના અમલો એવા જ લખવામાં આવે છે જેવા તે તંદરૂસ્તી અને ઘેર હોવાની હાલતમાં કરતો હતો. (બુખારી શરીફ)

ખુલાસો :– એ પણ અલ્લાહનો એક ખાસ ફઝલ અને એહસાન અને મહેરબાની છે કે માણસ બીમારી અથવા મુસાફરી જેવી મજબૂરી અને લાચારીથી ઝિક્ર, ઈબાદત વગેરે અમલો પુરા ન કરી શકે તો અલ્લાહ તઆલા તેના અમલનામામાં પોતાના હુકમથી તે અમલો લખાવે છે જે તે બંદો તંદરૂસ્તી અને ઘેર હોવાની હાલતમાં કરતો હતો.

" اَللّٰهُمَّ لَكَ الْحَمْدُ وَلَكَ الشُّكْرُ لَا نُحْصِىْ ثَنَاءً عَلَيْكَ۔"

## *બીમારની ખબર લેવી, અને આશ્વાસન આપવું તેમ લાગણી દાખવવી*

બીમારની ખબર લેવી અને આશ્વાસન આપવું ત્થા તેની સેવા ચાકરી અને લાગણી દર્શાવવી રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ તેને ઉચ્ચ દરજાનો નેક અમલ અને એક રીતે કબૂલ થયેલી ઈબાદત ગણાવી છે. અને વિવિધ પ્રકારે તેની પ્રેરણા આપી છે. આપ (સલ્લલ્લાહુ અલયહી

વસલ્લમ)નો રિવાજ અને અમલ પણ હતો કે બીમારોની ખબર લેવા પધારતા. તેમની સામે એવી વાતો કરતા જેનાથી તેમને આશ્વાસન મળતું, અને દુ:ખ દર્દ હલ્કુ થતું, અલ્લાહનું નામ અને તેનું કલામ પઢી દમ પણ કરતા હતા. અને બીજાઓને પણ શિખામણ આપતા હતા.

(۳۰۰) عَنْ اَبِی مُوسٰیؓ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اَطْعِمُوا الْجَائِعَ وَعُوْدُوْا الْمَرِيْضَ وَفُكُّوْ الْعَانِیَ۔ (رواه البخاری)

તરજુમોઃ– હઝરત અબૂ મૂસા અશઅરી (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યું: ભૂખ્યાઓને ખવડાવો, બીમારોની ખબર લો, અને જે લોકો નાહક કેદ કરવામાં આવ્યા હોય તેમને છોડાવવાના પ્રયત્નો કરો. (બુખારી શરીફ)

(۳۰۱) عَنْ ثَوْبَانَؓ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اِنَّ الْمُسْلِمَ اِذَا عَادَ اَخَاهُ الْمُسْلِمَ لَمْ يَزَلْ فِی خُرْفَةِ الْجَنَّةِ حَتّٰی يَرْجِعَ۔ (رواه مسلم)

તરજુમોઃ– હઝરત ષૌબાન (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યું: મો'મિન જયારે કોઈ ઈમાનવાળાની બીમારીમાં ખબર લે છે. તો પાછા ફરતા સુધી તે જેવો કે જન્નતના બાગમાં હોય છે. (મુસ્લિમ શરીફ)

(۳۰۲) عَنْ اَبِی هُرَيْرَةَؓ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ عَادَ مَرِيْضاً نَادٰی مُنَادٍ مِنَ السَّمَاءِ طِبْتَ وَطَابَ مَمْشَاكَ وَتَبَوَّأتَ مِنَ الْجَنَّةِ مَنْزِلاً۔(ابن ماجة)

તરજુમોઃ– હઝરત અબૂ હુરૈરહ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યું: જેણે કોઈ બીમારની ખબર લીધી, તો અલ્લાહનો મુનાદી આસમાન પરથી પુકારે છે, કે તુ મુબારક અને ખબર લેવા માટે તારૂ ચાલવું મુબારક, તે આ કાર્ય કરી જન્નતમાં ઘર બનાવી લીધું. (ઈબ્ને માજા)

(۳۰۳) عَنْ اَبِی سَعِيْدٍؓ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اِذَا دَخَلْتُمْ عَلَی الْمَرِيْضِ فَنَفِّسُوْا لَهٗ فِی اَجَلِهٖ فَاِنَّ ذَالِكَ لَا يَرُدُّ شَيْئاً وَيُطِيْبُ بِنَفْسِهٖ۔(الترمذی وابن ماجة)

તરજુમોઃ– હઝરત અબૂ સઈદ ખુદરી (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યું: જયારે તમે કોઈ બીમાર પાસે

જાઓ, તો તેની વય વિષે તેનું દિલ ખુશ કરો, (એટલે તેની ઉમર અને જીંદગી વિષે ખુશ થાય એવી શાંતિ પૂર્વક વાતો કરો, દાખલા રૂપે, તમારી હાલત ઘણી જ સારી છે, ઈન્શા અલ્લાહ તમો જલ્દી ઠીક થઈ જશો આવા પ્રકારની વાતો કોઈ થનાર બનાવને રોકી શકતી તો નથી (જે થવાનું છે, તે જ થશે) પરંતુ તેનાથી તેનું દિલ ખુશ થશે. (અને એ જ ઈયાદત (ખબર લેવાનો) હેતુ છે.

(٣٠٤) عَنْ اَنَسٍؓ قَالَ كَانَ غُلَامٌ يَهُوْدِيٌّ يَخْدِمُ النَّبِيَّ ﷺ فَمَرِضَ فَاَتَاهُ النَّبِيُّ ﷺ يَعُوْدُهٗ فَقَعَدَ عِنْدَ رَأْسِهٖ فَقَالَ لَهٗ اَسْلِمْ فَنَظَرَ اِلٰى اَبِيْهِ وَهُوَ عِنْدَهٗ فَقَالَ اَطِعْ اَبَا الْقَاسِمِ فَاَسْلَمَ فَخَرَجَ النَّبِيُّ ﷺ وَهُوَ يَقُوْلُ الْحَمْدُ لِلّٰهِ الَّذِىْ اَنْقَذَهٗ مِنَ النَّارِ۔(البخارى)

તરજુમોઃ– હઝરત અનસ (રદિ.)થી રિવાયત છે કે એક યહૂદી છોકરો હુઝૂર (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ની સેવા કર્યા કરતો હતો તે બીમાર થઈ ગયો, તો આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) તેની ખબર લેવા માટે તેની પાસે પધાર્યા, અને તેના માથા પાસે બેસી, તેને ફરમાવ્યું તું અલ્લાહનો ધર્મ ઈસ્લામ અંગીકાર કરી લે, તેણે તેના પિતા તરફ જોયું જે ત્યાં હાજર હતો, તેણે છોકરાને કહ્યું કે તું અબુલ્કાસિમ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ની વાત માની લે, તે છોકરાએ ઈસ્લામ સ્વીકાર કરી લીધો. રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) બહાર પધાર્યા અને ફરમાવ્યું તે અલ્લાહનો આભાર છે જેણે આ છોકરાને જહન્નમથી કાઢી લીધો. (બુખારી શરીફ)

ખુલાસો :– આ હદીષથી એક વાત જાણવા મળી કે અમૂક ગેર મુસ્લિમ પણ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) સાથે ખાદિમો જેવો સંબંધ રાખતા હતા. બીજી એ વાત જાણવા મળી કે આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) ગેર મુસ્લિમોની પણ બીમારીમાં ખબર લેતા હતા. ત્રીજી વાત એ જણાઈ કે જે ગેર મુસ્લિમોને આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)થી નજીક થવાનો મોકો મળતો હતો તે આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)થી એટલો બધો અસર લેતા હતા કે તેમની અવલાદ માટે ઈસ્લામ સ્વીકાર કરવો વધુ સારો અને ભલાઈનો વસીલો સમઝતા હતા.

## બીમાર પર દમ કરવો, અને તેના માટે તંદરૂસ્તીની દુઆ

(٣٠٥) عَنْ عَائِشَةَؓ قَالَتْ كَانَ رَسُوْلُ اللّٰهِ ﷺ اِذَا اشْتَكٰى مِنَّا اِنْسَانٌ مَسَحَهٗ بِيَمِيْنِهٖ ثُمَّ قَالَ اَذْهِبِ الْبَاسَ رَبَّ النَّاسِ وَاشْفِ اَنْتَ الشَّافِىْ لَا شِفَاءَ

اِلَّا شِفَاءُ كَ شِفَاءً لَا يُغَادِرُ سَقَمًا۔ (رواه البخارى ومسلم)

તરજુમો: હઝરત આયશા સિદ્દીકા (રદિ.)થી રિવાયત છે : જયારે અમારામાંથી કોઈ બીમાર થતું તો રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)પોતાનો જમણો હાથ તેના શરીર પર ફેરવતા, અને આ દુઆ પઢતા હતા

''اَذْهِبِ الْبَاسَ رَبِّ النَّاسِ وَاشْفِ اَنْتَ الشَّافِى لَا شِفَاءَ اِلَّا شِفَاءُ كَ شِفَاءً لَا يُغَادِرُ سَقَمًا۔ ''

અર્થાત :– એય બધા જ મનુષ્યોના પરવરદિગાર ! આ બંદાની તકલીફ દૂર ફરમાવ અને તંદરૂસ્તી અર્પણ કર, તું જ તંદરૂસ્તી આપનાર છે. બસ તારી જ તંદરૂસ્તી તંદરૂસ્તી છે. એવી પુરેપુરી તંદરૂસ્તી અર્પણ કર, જેનાથી બીમારી બિલ્કુલ બાકી ન રહે. (બુખારી, મુસ્લિમ)

(٣٠٦) عَنْ عُثْمَانَ ابْنِ اَبِى الْعَاصِ اَنَّهٗ شَكٰى اِلٰى رَسُوْلِ اللّٰهِ ﷺ وَجْعاً يَجِدُهٗ فِى جَسَدِهٖ فَقَالَ لَهٗ رَسُوْلُ اللّٰهِ ﷺ ضَعْ يَدَكَ عَلَى الَّذِىْ يَأْلَمُ مِنْ جَسَدِكَ وَقُلْ بِسْمِ اللّٰهِ ثَلٰثاً وَقُلْ سَبْعَ مَرَّاتٍ اَعُوْذُ بِعِزَّةِ اللّٰهِ وَقُدْرَتِهٖ مِنْ شَرِّ مَا اَجِدُ وَاُحَاذِرُ قَالَ فَفَعَلْتُ فَاَذْهَبَ اللّٰهُ مَا كَانَ بِىْ۔ (رواه مسلم)

તરજુમો:– હઝરત ઉસ્માન બિન અબિલ્આસ (રદિ.)થી રિવાયત છે કે તેમણે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) સામે તેમના શરીરના કોઈ ભાગના દુ:ખાવાની ફરીયાદ કરી, તો હુઝૂર (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ તેમને ફરમાવ્યું: તમે તે જગ્યા પર તમારો હાથ મુકો જયાં દર્દ હોય, અને ત્રણવાર કહો,'બિસ્મિલ્લાહિ' અને સાતવાર કહો,'અઉઝુ બિઈઝઝતિલ્લાહિ વ કુદરતિહી, મિન શર્રિમા અજિદુ વ ઉહાઝિરૂ' (હું પનાહ માગું છું અલ્લાહની અઝમત અને તેની કુદરતની તે દર્દની બુરાઈથી જે હું ભોગવી રહ્યો છું અને જેનો મને ભય છે.) કહે છે કે મેં એવું જ કર્યુ તો અલ્લાહ તઆલાએ મારી તે તકલીફ દૂર ફરમાવી દીધી. (મુસ્લિમ શરીફ)

(٣٠٧) عَنْ اِبْنِ عَبَّاسٍؓ قَالَ كَانَ رَسُوْلُ اللّٰهِ ﷺ يُعَوِّذُ الْحَسَنَ وَالْحُسَيْنَ اُعِيْذُ كَمَا بِكَلِمَاتِ اللّٰهِ التَّامَّةِ مِنْ كُلِّ شَيْطَانٍ وَهَامَّةٍ وَمِنْ كُلِّ عَيْنٍ لَامَّةٍ وَيَقُوْلُ اِنَّ اَبَا كُمَا كَانَ يُعَوِّذُبِهَا اِسْمٰعِيْلَ وَاِسْحٰقَ۔ (رواه البخارى)

તરજુમો:– હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ (રદિ.)થી રિવાયત છે કે

રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) આ દુઆ પઢી હસન અને હુસૈન (રદિ.)ને અલ્લાહની પનાહમાં સોંપતા હતા. (હું તમને પનાહમાં આપું છું અલ્લાહની તે પુરા કલિમાઓથી દરેક શૈતાનની બુરાઈથી અને દરેક ઝેરી જાનવરથી અને ખરાબ અસર કરનાર આંખથી અને ફરમાવતા હતા કે તમારા પરદાદા ઈબ્રાહીમ (અલૈહિસ્સલામ) તેમના બંને પુત્રો ઈસ્માઈલ અલૈ. અને ઈસ્હાક (અલૈહિસ્સલામ) પર આ કલિમા પઢી દમ કરતા હતા.

ખુલાસો : "કલિમાતે તામ્મા" થી મતલબ અલ્લાહના હુકમ છે. અથવા તેની ઉતારેલી કિતાબો છે મતલબ કે આપ સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ હસન અને હુસૈન (રદિ.) પર તાવીઝ રૂપે દમ કરી આ દુઆ પઢતા હતા. અને એ મુજબ તેમના માટે અલ્લાહથી પનાહ અને હિફાઝત માંગતા હતા.

(٣٠٨) عَنْ عَائِشَةَ قَالَتْ كَانَ النَّبِيُّ ﷺ اِذَا اشْتَكٰى نَفَثَ عَلٰى نَفْسِهٖ بِالْمُعَوِّذَاتِ وَمَسَحَ عَنْهُ بِيَدِهٖ فَلَمَّا اشْتَكٰى وَجَعَهُ الَّذِى تُوُفِّىَ فِيْهِ كُنْتُ اَنْفُثُ عَلَيْهِ بِالْمُعَوِّذَاتِ الَّتِى كَانَ يَنْفُثُ وَاَمْسَحُ بِيَدِ النَّبِىِّ ﷺ (البخارى ومسلم)

તરજુમો:– હઝરત આયશા સિદ્દીકા (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) જયારે પોતે બીમાર થતા તો "મુઅવ્વઝતૈન" પઢી પોતાના પર દમ કરતા હતા અને હાથ મુબારક શરીર પર ફેરવતા હતા. અને જયારે આપને તે બીમારી લાગુ પડી જેમાં આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)નું અવસાન થયું, તો હું તે જ મુઅવ્વઝાત પઢી આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) પર દમ કરતી હતી, જેને પઢી આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) દમ કર્યા કરતા હતા. અને આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)નો હાથ મુબારક શરીર પર ફેરવતી.

ખુલાસો :– આ હદીષમાં મુઅવ્વઝતૈનથી મતલબ દેખીતી રીતે સૂરએ "કુલ અઉઝૂ બિરબ્બિલ ફલક" અને "કુલ અઉઝૂ બિરબ્બિન્નાસ" છે. અને એ પણ બની શકે છે કે તે દુઆઓ હોય જેમાં અલ્લાહથી પનાહ માંગવામાં આવતી હોય, અને જે આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) બીમારો પર પઢી દમ કરતા હતા. એ મુજબની અમૂક દુઆઓ ઉપર અમૂક હદીષોમાં પણ વર્ણન થઈ ચુકી છે. અને બાકી ઈન્શા અલ્લાહ તેની જગ્યાએ "કિતાબુ દદઅવાત"માં આવશે.

# કુરબાની રહી જાય તો....

કોઈ માણસ સમયસર એટલે કે કુરબાનીના દિવસોમાં કુરબાની ન કરી શકે તો કુરબાનીની કઝા એના ઉપર જરૂરી છે.

જો જાનવર ખરીદી લીધું હતું અને કુરબાની કરવાથી રહી ગયું હોય તો એ જાનવર ગરીબને સદકો કરી દેવામાં આવે.

જે માણસ ઉપર કુરબાની વાજિબ હતી છતાં જાનવર ખરીદયું નહીં કે મોટા જાનવરમાં હિસ્સો પણ રાખ્યો નહીં અને કુરબાની રહી ગઈ તો પછી એટલી રકમનો સદકો કરવો જરૂરી છે, જેનાથી કુરબાનીના દિવસોમાં કુરબાની કરી શકાય છે. એટલે કે જે માણસ વધારે સદ્ધર હોય તો એણે કુરબાની પાત્ર મોટા કે નાના જાનવરની કીમત સદકો કરવો બેહતર છે. અને જેની શકિત ન હોય એ એક હિસ્સાની કીમત સદકો કરે. સદ્ધર માણસ પણ જો કુરબાનીની કઝા સ્વરૂપે ફકત હિસ્સાની કિમતનો સદકો કરશે તો કઝા સહીહ ગણાશે, પણ દરેક માટે હવે કુરબાનીની કઝામાં અફઝલ આ છે કે આખા જાનવરની કીમત સદકો કરે. *(કિફાયતુલ મુફતી, મહમૂદુલ ફતાવા : ૭/૪૭૬)*

કોઈ માણસની ઘણાં વરસોની કુરબાની છુટી ગઈ હોય તો એનો હુકમ પણ ઉપર પ્રમાણે જ છે. ચાહે તો દરેક વરસની કુરબાનીની કઝા સ્વરૂપે એક એક જાનવરની કીંમત કે એક હિસ્સાની કીમત સદકો કરે.

કુરબાની વાજિબ હતી એવો માણસ કુરબાનીના દિવસો દરમિયાન કુરબાની કરવા પહેલાં વફાત પામે તો એના ઉપર કુરબાની વાજિબ રહેતી નથી એટલે એના વારસદારોએ એના તરફથી આ કુરબાની કરવી જરૂરી નથી.

કુરબાની વાજિબ હતી એવા માણસે કુરબાનીના દિવસોમાં કુરબાની કરી નહીં, પરિણામે એના ઉપર કઝા જરૂરી હતી, એટલે એણે મરતાં પહેલાં કાં તો કુરબાનીની કઝા (કીંમતનો સદકો કરવું) જરૂરી છે, અથવા વસીય્યત કરી જાય કે મૃત્યુ પછી છોડેલા માલમાંથી વાજિબ કુરબાનીની કઝા કરવામાં આવે. જો આમ નહીં થાય તો કુરબાની ન કરવાનો ગુનો એના શિરે બાકી રહેશે.

કઝા કુરબાની કરનાર માણસ બીજા વરસે કુરબાનીના દિવસોમાં કુરબાની કરીને કઝા કરવા ચાહે તો એ જાઈઝ નથી, એનાથી કુરબાનીની કઝા નહીં થાય, બલકે કઝા કુરબાનીની કીંમતો સદકો કરવો જ જરૂરી છે.

# અલ્લાહ તઆલાના રાજી - નારાજ હોવાની નિશાનીઓ

હઝરત અકદસ શૈખુલ હદીસ મવલાના ઝકરિયા રહ.ની કિતાબ 'ઈસ્લામી સિયાસત'નો ક્રમશ અનુવાદ • *મુફતી ફરીદ અહમદ કાવી*

હઝરત ઉમર રદિ. ફરમાવે છે : મને જાણવા મળ્યું છે કે હઝરત ઈસા અલૈ. અથવા હઝરત મૂસા અલૈ.એ અલ્લાહ તઆલાને પૂછયું કે લોકોથી આપના રાજી હોવાની નિશાની શું છે ? અલ્લાહ તઆલાએ ફરમાવ્યું કે ખેતી વાવતી વખતે એમના ઉપર વરસાદ વરસાવું છું અને કાપવાના સમયે રોકી લઉં છું. એમના વ્યવસ્થા – પ્રસાશનને ધીરજવાન અને સહનશીલ વ્યકિતઓને હવાલે કરું છું. લોકોની સાર્વજનિક સંપત્તિ – દોલત સખી લોકોના હાથમાં આપું છું. લોકોએ પૂછયું કે તમારા એમનાથી નારાજ હોવાની નિશાની શું છે ? અલ્લાહ તઆલાએ ફરમાવ્યું કે ખેતી વાવતી વખતે વરસાદ રોકી લઉ છું. કાપતી વખતે વરસાવું છું અને એમની જાહેર વ્યવસ્થા બેવકૂફ લોકોને હવાલે કરી દઉ છું. અને સાર્વજનિક દોલત કંજૂસ લોકોના હવાલે કરી દઉ છું. (દુર્રે મન્થૂર)

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો ઈરશાદ છે : તમે લોકો નેક કામોનો હુકમ કરતા રહો, અને બુરી વાતોથી રોકતા રહો, નહીંતર અલ્લાહ તઆલા બદતરીન લોકોને તમારા હાકેમ બનાવી દેશે, પછી તમારા સારા લોકો પણ દુઆ કરશે તો કુબૂલ નહીં થાય.

અમુક લોકોને પ્રશ્ન થયા કરે છે કે આ બુઝુર્ગો દુઆ કેમ નથી કરતા ? અથવા એમની દુઆ કુબૂલ કેમ નથી થતી ? તેઓ આ બાબતે પણ થોડો વિચાર કરી લે કે લોકો પોતે પરસ્પર નેકીના હુકમ અને બુરાઈની રોકથામ માટે કેટલી કોશિશો કરે છે ? આ કામ જો ન થતું હોય તો પછી દુઆઓ કુબૂલ થવાની ઉમીદ કરવી બેકાર છે.

એક હદીસમાં છે :

જયારે અલ્લાહ તઆલા કોઈ કોમ સાથે ભલાઈનો ઈરાદો ફરમાવે છે તો ધીરજવાન લોકોને હાકેમ બનાવે છે, (જેઓ ગુસ્સામાં કાબૂ ન ખોઈ બેસે) અને ઉલમા એમના ફેસલાઓ કરે છે (જેઓ ઈલ્મની રોશનીમાં બધા નિર્ણયો લે છે) અને માલ સખી લોકોના કબજામાં આપે છે. (જેથી દરેકની એમની સખાવતનો ફાયદો થાય) અને જયારે કોઈ કોમ સાથે (એમના બુરા આમાલના કારણે) બુરાઈનો ઈરાદો ફરમાવે છે તો બેવકૂફ લોકોને હાકેમ બનાવી દે છે, એમના નિર્ણયો જાહેલ લોકોના હાથમાં આપી દે છે, અને માલ કંજૂસોના હાથમાં આપી દે છે.

બીજી હદીસમાં છે કે જયારે કોઈ જમાઅત ઉપર અલ્લાહ તઆલા ગુસ્સે થાય છે તો છેલ્લો અઝાબ એટલે કે જમીનમાં દટાય જવા કે ચહેરાઓ ખરાબ થવાનો અઝાબ આવવાને હજુ વાર હશે તો મોંઘવારી વધી જાય છે, વરસાદ રોકી લે છે અને બુરા લોકોને હાકેમ બનાવી દે છે, એક હદીસમાં અલ્લાહ તઆલાનો ઈરશાદ છે કે, હું એવા લોકો મારફતે જેઓ મારા ગઝબ – અઝાબના હકદાર હોય છે, બીજા એવા જ અઝાબ– ગઝબના હકદાર લોકોથી બદલો લઉ છું, પછી બધાને જહન્નમમાં નાખી દઉ છું.

એટલે જ એક હદીસ શરીફમાં છે કે, હાકેમોનો ગાળો ન આપો. બલકે એમના માટે ભલાઈની દુઆ કરતા રહો. એમની નેકીમાં જ તમારી ભલાઈ સમાયેલી છે. (એટલે કે ગાળો આપવાથી તેઓ સુધરવાના તો નથી.)

બીજી હદીસમાં છે : તમારા દિલોને બાદશાહો અને હાકેમોને ગાળો આપવામાં મશ્ગૂલ ન કરો. બલકે અલ્લાહ તઆલાની રઝામંદી હાસિલ કરવાની કોશિશ કરો, અને એમના માટે ભલાઈની દુઆ કરો કે અલ્લાહ તઆલા એમના દિલોને તમારા ઉપર નરમ કરી દે.

મક્કી બિન ઈબ્રાહીમ ફરમાવે છે કે અમે ઈબ્ને અવ્ન પાસે બેસેલા હતા, લોકોએ બિલાલ બિન અબી બુરદહનો ઉલ્લેખ કર્યો અને એને બુરું ભલું કહેવા લાગ્યા. ઈબ્ને અવ્ન ચુપચાપ બેસી રહયા, લોકોએ કહયું કે તમારા કારણે તો અમે ઈબ્ને અવ્નને બુરું ભલું કહીએ છીએ કે એણે તમારા ઉપર અત્યાચાર કર્યો છે. ઈબ્ને અવ્ન રહ.એ કહયું કે મારા આમાલનામહમાં દરેક શબ્દ લખવામાં આવે છે અને કયામતના દિવસે એ વંચાણે લેવાશે. હું ચાહું છું કે

એમાંથી કોઈને બુરું ભલું કહેવાના બદલે 'લાઈલાહ ઈલ્લલ્લાહ'નું વધુ પ્રમાણમાં નીકળે.

એક બુઝુર્ગ પાસે આવીને કોઈ માણસ હજ્જાજ ઝાલિમને બદદુઆ આપવા માંડયો. એમણે ફરમાવ્યું કે, આમ ન કરો. આ જે કંઈ થઈ રહયું છે એ તમારા આમાલનું ફળ છે. મને ખોફ છે કે જો હજ્જાજ ગાદીએથી હટશે કે મરી જશે તો હોઈ વાંદરા કે ડુક્કરને હાકેમ બનાવી દેવામાં આવશે. (મકાસિદે હસનહ : ૩૨૬) અરબીમાં તો أعمالكم عمالكم કહેવત મશ્હૂર છે. અમુક લોકોના કહેવા મુજબ તો આ હદીસ છે. મતલબ આ છે કે તમારા આમાલ જ તમારા હાકેમ છે. જેવા આમાલ હશે એવા માણસોને તમારા ઉપર હાકેમ બનાવવામાં આવશે. અહિંયા આવી બધી વાતો ભેગી કરવાનો આશય નથી. નમુના સ્વરૂપ એટલું બતાવવાનો આશય છે કે જેવી પરેશાનીઓ, આફતો, મુસીબતો આપણા ઉપર આવી રહી છે અને મુસલમાનો એમાં સપડાયેલા છે, નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના ફરમાનોમાં આ બધા વિશે ચેતણવી આપવામાં આવેલી છે. હદીસ શરીફની કિતાબો આવી વાતોથી ભરેલી છે. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું છે કે અલ્લાહ તઆલાની નાફરમાની દુનિયામાં મુસીબતોનો અસલી સબબ છે અને નેક આમાલ દુનિયા અને આખિરતમાં કામ્યાબીનો સબબ છે. ઉપરાંત હદીસ શરીફમાં અમુક વિશેષ પ્રકારના ગુનાઓ વિશે વિશેષ પ્રકારના અઝાબનું વર્ણન પણ છે. અને વિશેષ ઈબાદતો કરવાના બદલામાં વિશેષ ઈનામોનું વર્ણન પણ છે. આપણે બધા આફતોની શિકાયતોની ભરમાર કરીએ છીએ, હર સમયે ઈનામોની ઉમીદ લગાવીને બેસીએ છીએ, પરંતુ જે કામો કરવાથી આ ઈનામો મળવાના છે એના તરફથી સદંતર ગાફેલ રહીએ છીએ. બલકે જાણી જોઈને એ બધું છોડી દઈએ છીએ. કોઈ આ વિશે ટકોર કરે તો એની પાછળ પડી જઈએ છીએ.

આપણું ઉદાહરણ એક એવા માણસ જેવું છે જેને ઝાડા લાગ્યા હોય અને દર કલાકે જમાલગોટો ખાતો હોય, અને પાછો શોર મચાવે કે ઝાડા બંધ નથી થતા. અને જો કોઈ જમાલગોટા ખાવાથી રોકે તો એને જ બેવકૂફ કહે. નવાઈની વાત આ છે કે જો એક સામાન્ય તબીબ કોઈ વસ્તુ વિશે કહી દે કે

એનાથી નુકસાન થાય છે, એક ગેરમુસ્લિમ ડોકટર જાહેર કરી દે કે આજકાલ અમરૂદ ખાવાથી ઝાડા – ઉલટી થશે તો સારા તંદુરસ્ત અને સ્વસ્થ માણસો પણ અમરૂદ ખાવાની હિમ્મત નહીં કરે. એક ભંગી એમ કહી દે કે આ રસ્તે મોટો કાળો સાંપ છે તો મોટા બહાદુર લોકો પણ એ રસ્તે જવાથી બચતા નજર આવશે, કોઈ જાહેલ ગામડીયો કહી દે કે આ સડક ઉપર મોટો વાઘ ચક્કર મારે છે તો કોઈને એ રસ્તે જવાની હિમ્મત ન થાય અને બેચાર બંદૂકધારી સાથીઓ સાથે પણ એ તરફ જવાને મોટી બહાદુરી ગણવામાં આવે, પરંતુ.... અલ્લાહ તઆલાના સાચા અને પાકા રસૂલ, મુરબ્બી અને વડીલ સમાન, હળપળે ઉમ્મતની ભલાઈની ફિકર કરનાર.. લાભદાયી બાબતોનું માર્ગદર્શન આપે અને નુકસાનકારક બાબતોથી બચવાનો આદેશ આપે છે તો આ ઉમ્મત વફાદારી અને ન્યોછાવરીના મોટા દાવા છતાં એમના આદેશોની કોઈ ફિકર અને પરવા ન કરે, એ કેટલો મોટો ઝુલમ છે. આજે સરકાર તરફથી એક એલાન કરી દેવામાં આવે કે ફલાણા વિષયે કોઈ તકરીર કે બયાન આપવું ગુનો છે, દસ વરસની સજા થશે, તો મોટા મોટા બહાદુર અને સફળ લીડરો અને એડીટરો સોચી વિચારીને કંઈ લખશે કે બોલશે. પરંતુ આખી દુનિયાના બાદશાહ, દુનિયાની બધી સરકારો જેના કબજામાં છે એ અલ્લાહ તઆલા.. કડક રીતે એક હુકમ આપે છે, કુરઆનમાં ફરમાવે છે, વ્યાજ લેનાર સાથે જંગનું એલાન કરે છે, હદીસે કુદસીમાં અલ્લાહવાળાઓના વિરોધ કરવા અને દુશ્મની રાખવાને પોતાની સાથે દુશ્મની કરવા સમાન બતાવે છે, વ્યાજુ કારોબાર કરનારા લોકો ઉપર લઅનત કરે છે, છતાં...કેટલા લોકોને આ બધાથી બીક લાગે છે કે અમે આ બધું શું કરી રહયા છે ? અને અમારા ઉપર એનાથી શું શું અઝાબ આવશે ?

દરેક માણસ પોતે જ વિચાર કરી લે, કોઈ બીજાને બતાવવાની વસ્તુ નથી. અને આ બધું છોડવાના બદલે એમાં જ વધારે ખુંપી રહયા છે તો અલ્લાહ તઆલા સાથે લડાઈ કરવા, અલ્લાહની અને એના રસૂલની લઅનત બરદાશ્ત કરવા માટે મુસીબતો, ઝિલ્લતો, આફતો અને બદનામી વેઠવા માટે તૈયાર રહેવું જોઈએ. હાથના કર્યાં હેય્યે વાગવાના જ ને.

---

તલબા અને મદરસાના હમદર્દ, જામિઅહના ઉસ્તાદ :

# મવલાના યાકુબ મુહમ્મદ ભડકોદ્રવી (રહ.)

અલ્લાહ તઆલાએ માણસને દુનિયામાં એક એવા સામાજિક જીવનમાં ગુંથ્યો છે કે એક વર્તૂળ અનેક ખુણાં ચારે તરફથી બીજા અનેક ખુણાઓથી જોડાયેલા છે. ભિન્ન ભિન્ન કુટુંબો અને ગામડાઓના લોકો એક 'જામિઅહ'માં સેવા બજાવે છે અને બધા આ રીતે એક નવા 'પરિવાર'ની જેમ એકબીજા સાથે લાગણી અને હુંફથી જોડાયેલા છે. અમે સમજીએ છીએ કે આમ બધી જ સંસ્થાઓમાં હશે, પણ અમારી સંસ્થામાં છે એટલે અમને તો એનો એહસાસ છે જ.. અને આ એહસાસના કારણે જ જયારે કોઈ સભ્યની વફાત થાય છે તો પરિવારના એક સભ્યની વફાતની લાગણી અને દુખ અનુભવાય છે. પાછલા દિવસોમાં ૧, ઝિલ્હજ, ૧૪૪૧ હિ. મુતાબિક ૨૨ જુલાઈ,૨૦ના રોજ જામિઅહ પરિવારના એક જૂના સભ્ય, દીનીયાત વિભાગના કાબેલ ઉસ્તાદ અને કેળવણીલક્ષી તેમજ અન્ય અનેક વ્યવસ્થાકીય બાબતોની જવાબદારી નિભાવતા જૂના આલિમ મવલાના યાકૂબ ભડકોદ્રવી સાહેબ અલ્લાહની રહમતે પહોંચી ગયા. ઈન્નાલિલ્લાહિ..

ભડકોદ્રા ખાતે ગામના પ્રતિષ્ઠિત 'ઉઘરાતદાર' ખાનદાનમાં ૩/૧/૧૯૫૫ ના દિવસે આપ રહ.નો જન્મ થયો. પ્રાથમિક તાલીમ ગામમાં મેળવીને પછી જામિઅહ ડાભેલમાં આગળની તાલીમ માટે દાખલ થયા. અત્રે અરબી સોમ સુધીની તાલીમ પૂરી કરી અને પછી આગળની તાલીમ દારૂલ ઉલૂમ લુણાવાડા ખાતે પૂરી ફરમાવી. પછી લુણાવાડામાં જ બે વરસ તાલીમી સેવાઓ આપી, ત્યાર બાદ વતન ભડકોદ્રા આવી ગયા અને ગામ ખાતે જ દસ વરસ મકતબમાં તાલીમી સેવાઓ આપી. પછી અમદાવાદ ખાતે આઠ વરસ દીનીયાતની તાલીમ આપી અને છેલ્લા લગભગ '૨૫' વરસથી એટલે કે બિલ્કુલ શરૂઆતના દિવસોથી જામિઅહ જંબુસરમાં આપ રહ. વિવિધ પ્રકારની સેવાઓ આપી રહયા હતા.

આપ રહ.એ ડાભેલ ખાતે પણ જામિઅહના મોહતમિમ હઝ. મવ. મુફતી અહમદ દેવલ્વી પાસે તાલીમ લીધી હતી અને પછી લુણાવાડામાં પણ આપની પાસે તાલીમ લીધી હતી, અને જામિઅહ જંબુસર ખાતે પણ એમની આસપાસ રહેતા હતા એટલે એક વિશ્વાસનો સંબંધ પણ બંને વચ્ચે હતો.

શરૂમાં આપ રહ. દીનીયાતમાં નાઝિરહ અને ઉર્દુ વિભાગમાં તાલીમ આપતા હતા. અને છેલ્લે એમના મિલનસાર અને વહેવારુ સ્વભાવને કારણે સફાઈ અને અન્ય વિભાગોના કર્મચારીઓની દેખરેખ જેવી અનેક ઇન્તેઝામી જવાબદારીઓ પણ એમને સોંપવામાં આવી હતી. તલબાની દૈનિક હાજરી – ગેરહાજરીની નોંધ મુજબ હોસ્ટેલમાં તલબાની તપાસ અને ગેર હાજર તલબાના વાલીઓ સાથે આ વિશે સંપર્ક કરવાની જવાબદારી પણ આપ રહ.ને શિરે હતી. મદરસાના ઉસ્તાદો માંહે આપ રહ. ઘણા જ હળી મળીને રહેનાર વ્યકિત હતા. જૂના ઉસ્તાદ હોવાના કારણે કે વિવિધ જવાબદારીઓ સંભાળવાનો કોઈ રોફ એમના અંદર ન હતો. બલકે એમની પાસે જ દીનીયાતની તાલીમ લઈને કે એમના હાથે કેળવણી લઈને આલિમ બનનાર છોકરાઓ જયારે જામિઅહમાં જ ઉસ્તાદ તરીકે નિયુકત થયા તો જામિઅહના મુદર્રિસ તરીકે એમનો મોભ્ભો પણ જાળવતા હતા. સ્વભાવમાં નિખાલસતા હતી એટલે દરેક સાથે મસ્તી – મજાક પણ કરતા અને પોતે પણ બીજાઓની મજાક ખુલ્લા દિલે માણતા હતા.

જામિઅહમાં આપની સેવાઓ મુળ રીતે તલબાની તાલીમ અને તરબિયતને લગતી હતી, એટલે એમની વફાત પછી તલબાએ એમની તાલીમ અને કેળવણી લક્ષી ખૂબીઓ વર્ણવી તો ખબર પડી કે તલબાની તરબિયતમાં એમનું કેટલું મોટું યોગદાન છે. નાઝિરહ ઘણું જ પાકું કરાવતા હતા. વારંવાર સાંભળવાની આદત હતી. જામિઅહમાં આવતાં પૂર્વે ગામડાઓ અને શહેરોના મકતબોમાં તાલીમ આપી ચુકયા હતા એટલે નમાઝ અને પાકી – નાપાકીના મસ્અલાઓ ઘણી સરળ રીતે સમજાવતા હતા. બલકે દવરહ અને હિદાયહના ઉસ્તાદો મય્યિતના ગુસલ – કફનની અમલી રીત સમજાવવા ખાતર એમને પોતાની કલાસમાં બોલાવતા હતા. ગરીબ ઘરના સભ્ય હતા, ગરીબીમાં જ મોટા થયા હતા એટલે દિલના ઘણા જ નરમ હતા, ગરીબ તલબાની વધારે ખબર રાખતા હતા. દિલની નરમાશના કારણે સીરતના સબક દરમિયાન અનેક વાર રડી દેતા હતા અને ઈસ્લામ ખાતર નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ અને સહાબાની કુરબાનીઓને બાળકોના અંદાઝમાં એટલી અસરકારક રીતે સમજાવતા કે તલબાને પણ રડાવી દેતા હતા.

સવારે અને બપોરે તલબાને નમાઝ માટે ઉઠાડવાની, ત્રણ સમયે ડાઈનીંગ હોલમાં ખાવાના સમયે દેખરેખ અને તલબાની હાજરી – ગેરહાજરીની નોંધ અને હોસ્ટેલમાં સુઈ રહેલા કે બીમાર પડેલા તલબાની જાણકારી રાખીને એમને

દર્સગાહમાં કે દવાખાને મોકલવાની અચુક જવાબદારીઓ નિભાવતા બે ત્રણ જવાબદારોમાં આપ રહ. શામેલ હતા. તલબાની કેળવણીની આવી જવાબદારીઓ સાથે સીધા જોડાયેલા હોવા છતાં કદી લાકડી વીંઝવાની વાત તો દૂર રહી, હાથમાં લાકડી પણ રાખતા ન હતા. જામિઅહના અન્ય જિમ્મેદારો પણ લાકડી વગર જ એમની ફરજ નિભાવે છે. કદી જરૂરત પડતી તો આસપાસ પડેલી ઝાડુ (એમના શબ્દો મુજબ 'પીંછી')થી અથવા એક બે ધબ્બાથી જ કામ ચલાવી લેતા હતા.

મદરસાના વિવિધ વિભાગોમાં કામ કરતા કર્મચારીઓ સાથે કામના સ્થળે હાજર રહીને કાળજી પૂર્વક કામ કરાવતા હતા. આવી સ્થિતિમાં કદી જરૂરત પડતી તો નાળી સાફ કરવામાં પણ પાવડો લઈને મદદ કરતા મંડી પડતા હતા.

મદરસાથી બહાર સામાજિક જીવનમાં પણ આપ રહ. સક્રિય હતા. ગામ અને બહારના ગામના સામાજિક વિવાદોમાં પંચ તરીકે જતા હતા. ગામની દીની સંસ્થાઓની ખેતીની જમીનની હરાજી પણ આપ રહ. કરતા હતા. સગા – સંબંધીઓ સાથે સદવર્તન અને સામાજિક વહેવારો નિભાવવાનો ખાસ ખ્યાલ રાખતા હતા. બીમારી, મોત અને શાદી, બધી બાબતોની ખબર રાખીને પોતાની રિશ્તેદારી નિભાવતા હતા અને આ બાબતે ઘણા ચોક્કસ અને અડગ હતા.

એમની આ બધી સેવાઓ અને અનુભવોનો વધારે ફાયદો મદરસાના તલબાને મળતો હતો. તાલીમ છોડીને નાસી જનાર વિદ્યાર્થીને અને એના વાલીઓને સમજાવવા આપના માટે ઘણું સરળ હતું. નાના મોટા તલબાની અનેક શિકાયતો ઓફિસમાં પહોંચે એ પહેલાં તેઓ અને એમના સહકર્મીઓ સમજાવીને પતાવી દેતા હતા. કોઈવાર શિકાયત મોહતમિમ સાહેબ પહોંચતી અને આવા વિદ્યાર્થીઓને મોહતમિમ સાહેબ પાસે લઈ જવા પડતા તો મોહતમિમ સાહેબ સમક્ષ જૂઠો ગુસ્સો કરીને બે ચાર ધબ્બા વિદ્યાર્થીને મારીને મોહતમિમ સાહેબનો ગુસ્સો શાંત કરી દેતા અને મોહતમિમ સાહેબ કંઈ બોલે એ પહેલાં જ તાલિબે ઈલ્મે કલાસમાં મોકલી દેતા. ઘણીવાર આવી હરકતથી મોહતમિમ સાહેબ પણ ગુસ્સો ભુલીને મુસ્કુરાય દેતા હતા. કોઈ વિદ્યાર્થીને મદરસામાંથી કાઢી મુકવાનો નિર્ણય થતો તો પ્રથમ એને સમજાવતા અને વિદ્યાર્થી એમની સામે પોતાની ભૂલ સ્વીકારી લેતો તો મોહતમિમ સાહેબ પાસે જઈને એની સિફારિશ કરી દેતા હતા.

જામિઅહ ખાતે સ્થળ ઉપર આટલી બધી સેવાઓ આપવાની સાથે રમઝાનમાં અમદાવાદ જામિઅહ માટે ફંડ – ફાળો ભેગો કરવાની જવાબદારી પણ આપ નિભાવતા હતા. પછી વરસ દરમિયાન અનાજના ચંદા માટે પણ એમને સોંપવામાં આવેલ ગામડાઓમાં જતા હતા.

બચળવાળ હતા. છ પુત્રો અને બે પુત્રીઓ છે. આ બધાની તાલીમ – તરબિયત માટે એક બાપને છાજે એવી રીતે, કોઈની શેહશરમ રાખ્યા વિના બનતી કોશિશો કરતા રહયા. ચાર પુત્રોને આલિમ બનાવ્યા અને એક પુત્ર હાલમાં અરબી – ૬માં તાલીમ લઈ રહયો છે. અવલાદની આ દીની તાલીમ પણ એમના માટે સાચો સદકએ જારિયહ છે.

૨૮ દિવસથી તેઓ અત્રેની અલમહમૂદ હોસ્પિટલમાં કોરોનાની સારવાર લઈ રહયા હતા. આપ રહ. જામિઅહ પરિવારના મહત્વનું અંગ હતા, અને જામિઅહથી સલગ્ન હોસ્પિટલમાં જ સારવાર મેળવી રહયા હતા, એટલે દરેક રીતે કાળજી લેવામાં આવી રહી હતી, તબિયત અનેક વાર સુધરી અને આશા બંધાયી કે હવે તેઓ સાજા થઈને ઘરે પરત ફરશે, પણ... જીવનની સફર તેઓ પૂરી કરીને વિદાય થઈ ગયા. રાત્રે ૧૧ ની આસપાસ, ૧૪૪૧ હિ.ના છેલ્લા માસ ઝિલ્કદની પહેલી રાતે, હદીસ શરીફ મુજબ વરસના સૌથી શ્રેષ્ઠ દસ દિવસોના આરંભે, નબવી ફરમાન મુજબ કોરોનાની વબામાં શહાદતની મોત આપને નસીબ થઈ. સવા અગિયારની આસપાસ આપને ગુસલ આપવામાં આવતું હતું ત્યારે ઉસ્તાદો બહાર ઉભા હતા અને વરસાદનું એક ઝાપટું આવીને રહમતની ખુશખબરી આપી ગયું, ઉસ્તાદો તો આમતેમ ઓથ શોધવા લાગ્યા પણ મવલાના રહમતના ફરિશ્તાઓની મુલાકાત માટે ગુસલ કરી રહયા હતા.

કંચન સરીખા તારલા માટીમાં જાય છે –– એવું તો કોણ ઓ ખુદા સાગરમાં નહાય છે ?

અલ્લાહ તઆલા એમની મગફિરત ફરમાવે. જન્નતુલ ફિરદોસમાં ઉચ્ચ સ્થાન અતા ફરમાવે. એમની નેકીઓ અને ખિદમતોના સદકએ જારિહયને કુબૂલ ફરમાવીને કયામત સુધી એનો સવાબ જારી ફરમાવે. એમની અવલાદ, અહલિયહ અને સગાઓને સબ્રની તોફીક આપે અને મવલાના થકી મળતી એમને મળતી કેળવણી – પરવરિશનો અલ્લાહ તઆલા પોતે વાલી અને મદદગાર બનીને એમની હિફાજત ફરમાવે. આમીન.

---

# હઝ. મવ. અબ્દુલ કાદિર કાવી રહ.

કોરોનામાં શહાદતનો મરબતો મેળવનાર દીની તાલીમ અને તબ્લીગ ચળવળના અતિ મહેનતુ જિમ્મેદાર ડભોઈ નિવાસી જનાબ મવલાના અબ્દુલ કાદિર સાહેબ કાવી રહ. પણ તા. ૧૦ જુલાઈ, ૨૦૨૦ શુક્રવારના રોજ ઈન્તેકાલ ફરમાવી ગયા. ઈન્નાલિલ્લાહ.

તા. ૧/૬/૧૯૫૯ ના રોજ કાવી ખાતે આપ રહ.નો જન્મ થયો હતો. પ્રાથમિક તાલીમ કાવી ખાતે મદરસા ઈમ્દાદીયહમાં મેળવીને પછી દારૂલ ઉલૂમ કંથારીઆમાં દાખલ થયા અને દવરએ હદીસ સુધીથી તાલીમ ત્યાં જ પૂર્ણ ફરમાવી. પછી દારૂલ ઉલૂમ બરોડા ખાતે હિફજ માટે દાખલ થયા અને ૫૧ દિવસમાં દારૂલ ઉલૂમ બરોડામાં મવલાના યાકૂબ નરોલી સાહેબ પાસે હિફજ ખતમ કર્યું અને બીજા ૪૦ દિવસ એટલે કે ૯૧ દિવસમાં દોર કરીને હિફજની તાલીમ પૂરી કરી લીધી. ફરાગત પછી એક જમાઅતના ઝિમ્મેદારોની તશ્કીલથી એક વરસ જમાઅત માટે નીકળ્યા. આ માટેના કોઈ અસબાબ ન હતા, પહેલીવાર નીકળવા માટે વાલિદહે બકરી વેચીને પૈસાની વ્યવસ્થા કરી અને પછી જયારે પણ ખર્ચ પૂરો થાય તો એમનાં વાલિદહ ઘરની પાલતુ બકરી કે કોઈ વસ્તુ વેચીને ખર્ચ એમનો ખર્ચ પૂરો પાડતાં હતાં.

હઝરત જી મવલાના ઈન્આમુલ હસન રહ. આપની તિલાવત અને હિફજથી ઘણા પ્રભાવિત હતા, એમણે આપને અમેરિકા તરાવીહ માટે મોકલ્યા. ત્યાં પણ લોકો આપની તિલાવત, મિલનસાર સ્વભાવ અને દીની મહેનતના કારણે ઘણા પ્રભાવિત થયા, આપ રહ.એ ત્યાં હિફજ અને મકતબની તાલીમ પણ શરૂ કરી દીધી. લોકોએ આપના અમેરિકા વસવાટ માટેની પૂરી તૈયારી કરી લીધી પણ ત્યાંની બેપર્દગી, બેદીની, દુનિયાદારી આપને માફક આવી નહીં અને વરસેક પછી પાછા આવી ગયા. હઝરત અકદસ મવ. અલીભાઈ શેઠ કાવી રહ. (નાયબ મોહતમિમ દા.ઉ. કંથારીઆ)ના આપ ભત્રીજા થતા હતા અને હઝ. મવ. અલી સા. રહ.ની હયાતી સુધી મવ. અ. કાદિર રહ.નો મામૂલ હતો કે મવ. રહ.ની ખિદમતમાં આવીને બે દિવસમાં આખું કુરઆન નવાફિલમાં સંભળાવી દેતા.

૧૯૮૦ થી આપ રહ.એ ડભોઈ અને આસપાસના વિસ્તારોને પોતાની દીની તાલીમી અને તબ્લીગી મહેનતનું મેદાન બનાવ્યું હતું. ડભોઈ અને

આસપાસના વિસ્તારો, છોટાઉદેપૂર, બોડેલી, સંખેડા, નસવાડી વગેરે વિસ્તારોના મુસલમાનો દીની તાલીમ અને આમાલથી અતિપછાત હતા. આપ રહ.એ ડભોઈ શહેર ઉપરાંત આ બધા ગામડાઓમાં ફરીને ફરીને લોકોને તાલીમ પ્રત્યે જાગૃત કર્યા. એમને દીનની દાવત પહોંચાડી. જયાં શકય બન્યું એ મુજબ તબ્લીગની મહેનત શરૂ કરીને લોકોને દીન શીખવા અને શીખવાડવા બહાર નીકળતા કર્યા. આજે આ વિસ્તારોમાં જે કંઈ દીની બેદારી છે, એમાં આપ રહ.નો ઘણો ફાળો અને કુરબાનીઓ છે.

દીનના નામે ખોટા રિવાજો અને ગેર કોમ સાથેના સહવાસના કારણે મુસલમાનોમાં પ્રચલિત ગેરઈસ્લામી પરંપરાઓમાંથી લોકોને બહાર કાઢીને ઈસ્લામની સાચી તાલીમ સુધી લાવવામાં આપ રહ.ને ઘણી તકલીફો વેઠવી પડી પણ નરમ સ્વભાવ, દરેક મુસલમાન પ્રત્યેની સાચી હમદર્દી, મીઠીવાણી, અને લોકોના સુખ – દુખમાં શરીક તેમજ સહાયક બનીને આપ રહ. બધી મુશ્કેલીઓ વેઠીને આખા પ્રદેશમાં દીની બેદારી લાવવામાં સફળ થઈ શકયા.

ડભોઈ ખાતે મકતબ શરૂ કરીને ઘરે ઘરે ગલ્લા ગલ્લા સ્કીમ શરૂ ફરમાવીને લોકોને પ્રોત્સાહન આપ્યું કે જેટલા પૈસા તમે લોકો એમના છોકરાને રોજના વાપરવા આપે છે એટલા આ ડબ્બામાં પણ નાખવામાં આવે. આમ થોડાક જ સમયમાં એટલી બધી રકમ લોકફાળા વડે ભેગી કરી લીધી કે ડભોઈ શહેર મધ્યે મદરસાની ભવ્ય ઈમારત બનાવવામાં આવી. પછી આ ઈમારતમાં મોલાના આઝાદ પ્રાઈમરી (૧ થી ૮) સ્કૂલ પણ શરૂ ફરમાવી. અહિંયા પાસે જ એક તળાવમાં ગંદકી ભેગી થતી હતી એનું પુરાણ કરાવીને તંત્ર પાસેથી આ જગ્યાને સામાજિક કામો માટે ઉપયોગ કરવા હેતુની પરવાનગી મેળવીને એને ઉપયોગી અને મદરસા માટે આવકનું સાધન બનાવી.

દરવરસે મદરસાના ભવ્ય વાર્ષિક જલ્સાનું આયોજન કરતા હતા અને જામિઅહના મોહતમિમ મુફતી અહમદ દેવલા સાહેબને અવશ્ય બોલાવતા હતા. આ મકતબ અને ત્યાં ચાલતો હિફજ કલાસ જામિઅહની તાલીમી દેખરેખ હેઠળ હતા, એટલે દર વરસે જામિઅહથી ઉસ્તાદોને પરીક્ષા માટે બોલાવતા હતા. પાછલા અમુક વરસોથી હઝરત અકદસ મુફતી અહમદ ખાનપૂરી સાહેબ દા.બ.ને પણ જલ્સામાં ઘણા જ આગ્રહપૂર્વક દાવત આપીને બોલાવતા હતા. આમ પોતાના શહેર અને વિસ્તારમાં દીનીની દરેક પ્રકારની મહેનત અને બધી જ લાઈનના ઉલમા – વિદ્વાનોને લાવીને એમની દુઆઓ અને તવજ્જોહ

મેળવવા પ્રયત્નશીલ રહેતા હતા.

ડભોઈ શહેર અને આસપાસમાં તબ્લીગ – તાલીમ ઉપરાંત સમાજ સુધારણા અને વિવિધ બિરાદરીઓ અને સમાજો વચ્ચે સમન્વય અને સુલેહ શાંતિથી રહેવા અને સહકારનો માહોલ બનાવવા માટે પણ પરિણામ લક્ષી પ્રયત્નો કરતા હતા. ડભોઈ અને આસપાસમાં ખાતે બરેલ્વી મસ્લકના લોકો ઉપરાંત મહેદવીયા પંથના લોકો પણ મોટી સંખ્યામાં રહે છે. આવી સ્થિતિમાં દીને મુહમ્મદીની સાચી તાલીમ અને તબ્લીગના કામની સામે ફિરકાબંદી અને મસ્લકી વિવાદ અવરોધ ન બને એની પૂરી તકેદારી રાખીને કામ કરતા હતા. કોઈ બીજા મસ્લકને છેડયા વગર કે વિરોધ – વિવાદ અને સવાલ – જવાબનો માહોલ ઉભો થાય એવું કામ કરવાથી બચીને સમાજના સાચા સેવક હોવાની જવાબદારી નિભાવતા હતા. પરિણામે અન્ય મસ્લક અને ફિરકાના લોકો આપ રહ.ને સન્માનની નજરે જોતા હતા અને દરેક સમાજના લોકો સાથે આપ રહ.ના વ્યકિતગત રીતે પણ સારા સંબંધો હતા.

આપ રહ.ના મવલાના ગુલામ તડકેશ્વરી રહ. સાથે સારા સંબંધો હતા, મવલાના રહ.એ આપને સમજાવતા કે મોલ્વી અબ્દુલ કાદિર ! તમે ઈમામત કરાવો છો, મદરસો પઢાવો છો, અને તબ્લીગમાં પણ સમય આપો છો, તો મદરસાના મકાનમાં કયાં સુધી રહેશો ? તમારી પોતાની 'છત' હોવી જરૂરી છે, વારંવારની તાકીદ પછી આપ રહ.એ પોતાનું એક મકાન બનાવીને મદરસાનું મકાન ખાલી કરી દીધું. આ જ નસીહત અને એનો ફાયદો આપ રહ.ના દિલમાં એવો ઉતરી ગયો કે અત્રે ચાલતા મકતબના પ્રમુખ તરીકે જેટલા ઉલમાને બહારથી અત્રે તાલીમ માટે બોલાવ્યા, એમના માટે મહેનત કરીને, પોતે મદદ કરીને, બીજા પાસે મદદ કરાવીને, પગારમાંથી હપ્તા બનાવીને, દરેકનું પોતાનું આગવું મકાન બની જાય એની પૂરી કોશિશ ફરમાવી.

તબ્લીગની મહેનતમાં આપ રહ.ની સક્રિયતા, નિખાલસતા અને ઈલ્મી કાબેલિયતના કારણે આપ રહ. ગુજરાતના જિમ્મેદારોમાં ગણાતા હતા. આપ રહ.ને મોટી જવાબદારીઓ પણ આપવામાં આવતી હતી. ભારત બહાર અમુક દેશોમાં જયાં તબ્લીગની મહેનત શરૂ કરવાની જરૂરત જણાતી એવા વિશેષ પ્રદેશોમાં આપ રહ.ને જમાઅત લઈને મોકલવામાં આવતા હતા. એવી જ રીતે આરબ દેશોની અુમક ખાસ જમાઅતો સાથે ફરવાની જવાબદારી પણ આપ રહ.ને આપવામાં આવતી હતી. વરસ દરમિયાન દરેક જિલ્લાના ઈજતેમામાં

ફરતા કાફલામાં, વિવિધ મદરસાઓમાં તશ્કીલ માટે આવતા જિમ્મેદારોના કાફલામાં અને રાજયના અન્ય બુઝુર્ગો, આગેવાનો, ઉલમાની સેવામાં દુઆઓ – માર્ગદર્શન માટે જતા તબ્લીગી પ્રતિનિધિઓમાં આપ રહ.ને વિશેષ શરીક કરવામાં આવતા હતા. સ્વંય આપ રહ.એ તબ્લીગ માટે દેશ અને વિદેશમાં અનેક લાંબી સફરો ખેડી હતી.

વફાત પહેલાં એક વસીય્યત આ પણ ફરમાવી હતી કે ડભોઈ મકતબમાં અત્યાર સુધી લીધેલ પગાર પરત કરી દેવામાં આવે. તેઓ પોતે છેલ્લા અમુક વરસોનો પગાર લઈને એક તરફ જમા જ રાખતા હતા, શરૂના વરસોના પગાર બાબતે વસીય્યત કરી ગયા અને મરહૂમના વારસદારોએ એમની વસીય્યત મુજબ ૧૯૮૦ થી જુલાઈ ૨૦૨૦ સુધીના ૮,૫૦,૦૦૦ (આઠ લાખ, પચાસ હઝાર) પરત પણ કરી દીધા. મરહૂમને આ બાબતની પ્રેરણા હઝરત શૈખુલ હદીસ રહ.ની આપબીતીના વાંચન દરમિયાન મળી હતી, જેમાં હઝ.શૈખુલ હદીસ રહ.એ પોતાના આ અમલનો ઉલ્લેખ કર્યો છે.

વફાતના અમુક દિવસો પહેલાંથી બરોડા ખાતે કોરોનાની સારવાર મેળવી રહયા હતા. છેલ્લા દિવસે પાસે મોજૂદ મવલાના ઉસ્માન કાકોશી સાહેબ દા.બ.ને બોલાવીને વિગતે પોતાની વસીય્યત કરી. વસીય્યત પૂરી કરીને પોતાના વેવાઈ અને દાવત વ તબ્લીગની સફરોના ખાસ રફીક ઈકબાલ ભાઈ એન્જિન્યરને ફોન કરીને ફરમાવ્યું કે બધી વસીય્યત તો મવ. ઉસ્માન સા.ને બતાવી દીધી છે, તમે સમજી લેશો અને ઘરના લોકોનું ધ્યાન રાખશો. આમ દુનિયા અને આખિરતથી બધી વ્યવસ્થા કરીને આખિરતની સફરે રવાના થયા.

અલ્લાહ તઆલા મગફિરત ફરમાવે. નેકીઓ અને સદકાતે જારિયહને કુબૂલ ફરમાવે.જન્નતુલ ફિરદોસમાં ઉચ્ચ સ્થાન નસીબ ફરમાવે. સગાઓને સબ્ર અને અજ્ર અતા ફરમાવે. એમના હોવાથી જે રાહત અને નેઅમતો ઘરના ઘરના સભ્યો મળતી હતી, અલ્લાહ એનાથી વધારે નેઅમતો ગૈબથી અતા ફરમાવે. એમની નેકીઓ – ખૂબીઓને જીવંત રાખે અને સદકાર્યોને આગળ વધારનાર વારસદારો એમની અવલાદ અને ખાનદાનમાં પેદા ફરમાવે. અને ઉમ્મતને એમના જેવા અન્ય અનેક દીનના મુખ્લિસ ખાદિમો અને કાર્યકરો અતા ફરમાવે. આમીન.

• • • • • • • •

# સારી વાતોની ખુશ્બુ અને બુરી વાતોની બદબૂ

ગઝવએ બનુ મુસ્તલક (સન.હિ.૫)માં મુસલમાનો સાથે મુનાફિકો પણ હતા, મુનાફિકો સદા પ્રયત્નશીલ રહેતા કે મુસલમાનોને તકલીફ પહોંચાડે, કોઈ ફિત્ના– મુસીબતમાં ફસાવી દે. જોગાનુજોગ પાછા વળતી વેળા પાણીના એક ઝરણા પર એક મુહાજિર અને એક અન્સારી સહાબી વચ્ચે બોલાચાલી થઈ ગઈ, એમાં મુહાજિર સહાબીએ ' હે મુહાજિરો !' કહી મુહાજિરોને મદદ માટે બોલાવ્યા, અને અન્સારીએ ' હે અન્સારીઓ' કહી અન્સારીઓને બોલાવ્યા.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે જયારે આ બુમો સાંભળી તો પુછયું કે " આ જહાલત કાળની વાતો હવે પાછી કયાંથી આવી ગઈ ? લોકોએ દર્શાવ્યું કે એક મુહાજિરી સહાબીએ અન્સારી સહાબીને લાત મારી, તેના પરથી આ બધું થયું છે. જવાબમાં આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું : આવી બધી વાતોને છોડી દયો, તે ગંધાય છે.

ઉપરોકત ઘટના અને હદીસમાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે જહાલતની વાતો, જુથવાદ અને ફિરકાબંદીને બદબુદાર, ગંધાતી બતાવી છે, જેનાથી માલૂમ થયું કે સારી, પાક, પવિત્ર, નેક વાતો ખુશ્બુ દાર અને બુરી ગંદી ભૂંડી વાતો બદબૂદાર હોય છે, અને અલ્લાહના નબીઓ એની ખુશ્બુ, બદબૂ, સુગંધ, દુર્ગંધ મહસૂસ કરે છે.

આ બાબત અન્ય હદીસો અને ઘટનાઓથી પણ પુરવાર થાય છે, જેમ કે અન્ય એક હદીસમાં છે : હઝરત જાબિર રદિ. ફરમાવે છે કે એકવાર અમે રસૂલુલ્લાહ સલ. સાથે હતા, એવામાં સખત દુર્ગંધ ફેલાય ગઈ, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું : તમને ખબર છે કે આ શાની દુર્ગંધ છે ? આ દુર્ગંધ તે લોકોના મોંઢામાંથી આવી રહી છે, જેઓ અત્યારે મુસલમાનોની ગીબત (બદગોઈ) કરી રહ્યા છે. આ હદીસથી પુરવાર થાય છે કે ગીબતની બદબૂ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ અને સહાબાએ પણ મહસૂસ કરી, હા ! બદબૂ ગીબતની છે, એ વાત નબીએ કરીમ

સલ.ના બતાવવાથી માલૂમ પડયું.

હઝરત જાબિર રદિ. એક બીજી હદીસમાં રિવાયત કરે છે કે ગઝવએ બનુ મુસ્તલકથી પાછા ફરતી વખતે જયારે અમે મદીના નજીક પહોંચ્યા તો અચાનક ઘણી જ બદબૂદાર હવાની લહેર આવી, આપ સલ.એ ફરમાવ્યું : આ બદબૂ કોઈ મુનાફિકના મરવાથી ફેલાઈ છે. અને અમે જયારે મદીના પહોંચી ગયા તો ખબર પડી કે એક મોટો મુનાફિક મરી ગયો છે.

તિર્મિઝીમાં હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર રદિ.થી રિવાયત છે કે રસૂલુલ્લાહ સલ. એ ફરમાવ્યું : બંદો જયારે જુઠ બોલે છે તો ફરિશ્તો તેના જુઠની બદબૂથી એક માઈલ દૂર ચાલ્યો જાય છે.

સુફયાન બિન ઉયયનહ રદિ. ફરમાવે છે કે માણસ જયારે નેકીનો ઈરાદો કરે છે તો એના અંદરથી એક સુગંધ પ્રસરે છે, જેનાથી ફરિશ્તાઓ સમજી જાય છે કે એણે નેક કામનો ઈરાદો વિચાર કર્યો છે અને જયારે બંદો કોઈ બુરાઈનો ઈરદો કરે છે તો એક પ્રકારની દુર્ગંધ પ્રસરે છે, જેનાથી ફરિશ્તો સમજી જાય છે કે એણે બુરા કામનો ઈરાદો કર્યો છે.

શેખ અબ્દુલ વહહાબ શઅરાની રહ. ફરમાવે છે કે, વહબ બિન મુનબ્બહ રહ. કહેતા કે જે માણસ મરે છે, તે મરતાં પહેલાં કિરામન કાતિબીનને જોઈ લે છે. જો તે માણસે કિરામન કાતિબીન સાથે નેકી– પાકી સહિત જીવન વિતાવ્યું હશે તો ફરિશ્તાઓ કહે છે કે અલ્લાહ તને સારો બદલો આપે, તું ઘણો નેક દોસ્ત હતો. અનેક વાર તું અમને ભલાઈની મજલિસોમાં લઈ ગયો, અનેક વાર તારી નિખાલસ ઈબાદત વેળા અમે તારામાંથી પવિત્ર સુગંધ માણી, અને જો તે માણસે કિરામત કાતિબીન સાથે બુરાઈભર્યું જીવન વિતાવ્યું હશે તો ફરિશ્તાઓ એને કહે છે કે અલ્લાહ તને સારો બદલો ન આપે, અનેક વાર તું અમને ગુનાહોની મજલિસમાં લઈ ગયો, અને અનેક વાર અમે તારાથી દુર્ગંધ સહેવી પડી. મુહમ્મદ બિન વાસિઅ રહ. તેમના દોસ્તોથી કહેતા કે હું તો માથાથી પગ સુધી ગુનાહોમાં ડુબેલો છે. જો કોઈ માણસને મારા ગુનાહોની બદબૂ મહસૂસ થઈ જાય તો દુર્ગંધ અને બદબૂના લઈ મારી પાસે બેસવાને પણ પસંદ ન કરે.

● ●

# જનાબ સુલેમાન ભાઈ બાલા રહ.

જામિઅહ જંબુસરને અડીને આવેલ આબાદનગર જંબુસર,માં રહેતા મોહતરમ જનાબ સુલેમાનભાઈ બાલા (રહ.) દેખાવે તો એક સામાન્ય માણસ લાગતા હતા, પણ વાસ્તવમાં કલાસ વન સરકારી રિટાયર્ડ અધિકારી હતા. મુળ કાવીના અને હાલ જંબુસરમાં રહીને એમણે નિવૃત જીવન સમાજ સેવા માટે વકફ કરી રાખ્યું હતું. ભરૂચ જિલ્લાના મુસલમાનો, વિશેષ કરીને જંબુસર શહેર અને તાલુકાના મુસલમાનો તેમજ વહોરા પટેલ સમાજ માટે તેઓની સેવાઓ જેટલી લોકોની જાણમાં છે એનાથી વધારે સેવાઓથી લોકો અજાણ છે. મુસ્લિમ પટેલ વેલફેર ઓર્ગેનાઈજેશન, નામની અતિ સક્રિય સંસ્થાની સ્થાપનામાં આગળ પડતો ભાગ લઈને કદરપાત્ર સેવા બજાવતી સંસ્થા શરૂ ફરમાવી અને એને વધુ સેવારત બનાવવામાં સદાએ નેતૃત્વ અને માર્ગદર્શન આપતા હતા. સંસ્થામાં પ્રમુખ સિવાયનું બધું જ કામ લગભગ આપ જ સંભાળતા હતા. અને આ સંસ્થા થકી જ ગત વરસે જંબુસર માટે એક એક નવું કબ્રસ્તાન ખરીદવામાં આગળ પડતો ભાગ ભજવીને, સંસ્થાના સભ્યો થકી એક જ વરસમાં આ લક્ષ્ય પાર પાડવામાં આવ્યું.

સ્વસ્થ શરીર હતું એટલે ૬૫ વરસના નિવૃત હોવા છતાં યુવાન જ લાગતા હતા અને કામ પણ યુવાનો જેવું જ કરતા હતા. ત્રણ તલાકના કેસ વખતે, પછી એન.આર.સી. વખતે ચલાવવામાં આવેલ ચળવળના બધા કાગળો અને ચોપાનિયાઓ પોતે જ ફરી ફરીને ઘરે આપવા આવતા હતા. સોસાયટીની મસ્જિદનો વહીવટ અત્યંત અમનાતદારી પૂર્વક દીનદારી સાથે બજાવતા હતા. જંબુસરની સરકારી સાર્વજનિક હોસ્પિટલ, અલમહમૂદ હોસ્પિટલ ઉપરાંત અન્ય દવાખાનાઓમાં ફરીને જરૂરતમંદ બીમારોની મદદ કરતા કે કરાવતા હતા. એક મોટા સામાજિક કાર્યકર અને આગેવાનને છાજે એટલું બધું કામ કરવા છતાં એમના સ્વભાવ કે વર્તાવમાં કોઈ મોટાઈ કે ભપકો દેખાતો ન હતો. નેતા કે આગેવાન હોવાનો તો કદાચ એમને ખ્યાલ પણ નહીં આવ્યો હોય. પહેરવેશ પણ સાદો અને કરણી – કથની પણ સાદી.. વડીલો, યુવાનો અને બાળકો, દરેક સાથે સમાન રીતે હળતા – ભળતા અને મિલનસાર હતા.

લોકડાઉન થયું ત્યારથી તો એમની મશ્ગૂલી અને સેવાઓ ઓર વધી ગઈ હતી. અનેક સંસ્થાથો થકી ગરીબોને અનાજની કીટ અને રોકડ સહાયનું આયોજન થતું એમાં તેઓ પૈસે ટકે, માર્ગદર્શન અને વ્યવસ્થા, દરેક રીતે મદદ કરવામાં સક્રિય રહયા. લાગે કે પોતાની મગફિરત અને રહમત માટે જરૂરી નેકીઓનું ભાથું આ સેવાઓ થકી એમણે ભેગું કરી લીધું હતું.. =(બાકી પેજ ૩૯ ઉપર)

શરઈ માર્ગદર્શન

# ફતાવા વિભાગ

મવ. મુફતી અસ્જદ
દેવલ્વી સાહેબ
તસ્દીક કર્તા
મવ. મુફતી અહમદ દેવલા
સદર મુફતી જામિઅહ જંબુસર

## કરજ હોય તો ઝકાત – કુરબાની – સદકએ ફિત્રનો હુકમ

સવાલઃ એક વ્યકિતના શિરે કરજ હોય અંદાજે ૧ થી ૨ લાખ (તો) ઝકાત વાજિબ થાય કે નહીં ? ફિત્રો આપ્યો તો કુર્બાની કરી શકાય ?

જવાબ : ઈસ્લામી નિયમ મુજબ ઝકાત વાજિબ થવા માટેની શર્ત છે કે ઝકાત વાજિબ થવા માત્ર માલ નિસાબની માત્રામાં પોતાના શિરે લાઝિમ કર્ઝથી ખાલી હોવો જોઈએ, એટલે કે કર્ઝ બાદ કરવામાં આવે તો તેના પાસે એટલો માલ ઝકાત પાત્ર હોય, જેની માત્રા નિસાબ ( કિંવા શરીઅત તરફથી નિયુકત કરવામાં આવેલ માલની મિકદાર – માત્રા) ના બરાબર હોય, જો કર્ઝને બાદ કરતા નિસાબના બરાબર માલ બાકી ન રહેતો હોય, તો પછી ઝકાત વાજિબ થશે નહીં. માટે રજૂ કરેલ સૂરતમાં આપના શિરે જે કંઈ દેવું છે, તેને બાદ કરતા આપની પાસે ઝકાત વાજિબ થવા પાત્ર માલ નિસાબ (૬૧૨ ગ્રામ ૩૨૦ મિ.ગ્રામ ચાંદીની કિંમત) બરાબર બાકી ન રહેતો હોય તો ઝકાત વાજિબ નથી અને જો દેવું બાદ કર્યા પછી નિસાબની માત્રામાં માલ વધતો હોય તો કરજથી અધિક માલની ઝકાત આપવી પડશે. (કિતાબુલ મસાઈલ)

જે માણસ પોતાની જીવન જરૂરિયાતથી અધિક અન્ય કોઈ પણ પ્રકારના માલથી એટલી કિંમતનો માલિક હોય, જેના લઈ તેના ઉપર ઝકાત વાજિબ થઈ શકતી હોય, તો આવા માણસ ઉપર ઈદુલ ફિત્રના દિવસે ફિત્રો આપવું જરૂરી છે. અને આવી વ્યકિત જો કુરબાનીના દિવસોમાં મુકીમ (સફરમાં ન) હોય તો તેના શિરે શરઈ દ્રષ્ટિએ કુરબાની પણ વાજિબ થશે.

માટે રજૂ કરેલી સૂરતમાં જો આપે સદકતુલ ફિત્ર એટલા માટે અદા કર્યો છે કે ઉપરોકત વિગતથી આપના શિરે સદકતુલ ફિત્ર વાજિબ થાય છે અને કુરબાનીના દિવસોમાં મુકીમ હશો, તો આપના શિરે કુરબાની વાજિબ થશે, નહીં તો નહીં થાય.

## દાદા તરફથી ભાઈઓને બખ્શિશ મળેલી જમીનમાં બહેનનો હક નથી

સવાલ : અમારા ગામમાં આવેલી ખેતીની જમીન અનુક્રમે ૧૫૬ સવા ૧૨ એકર છે. આ જમીન ઝેદના નામે હતી, તેમાં તેઓ ખેતી કરતા હતા, તેમની હયાતીમાં તેમના દિકરા ઉમર ગુજરી જવાથી ૧૯૩૯માં પોતાના બે પૌત્રા નામે બકર ઉ.વ. ૮ અને અહમદ ઉ.વ. ૬ ને આ સવા ૧૨ એકર જમીન બક્ષિસ પેટે આપી દીધી હતી અને તેમાં સગીરના વાલી તરીકે તેમની માતા નામે આયશા બીબીનું નામ દાખલ કરવામાં આવ્યું હતું, ૧૯૩૯ થી લઈ આજ દિન સુધીના સરકારી રેકોર્ડ ઉપર આ જમીન બે દિકરાઓના નામે ચાલે છે. અને વાલી તરીકે માતાનું નામ બોલાય છે, માતા આયશા બીબી તથા તેમની દિકરીઓએ ભેગા મળીને હયાતીમાં આ જમીન બન્ને દિકરાઓને સરખા ભાગે વહેંચણી કરી આપી હતી. અને આજે પણ આ જમીન, સ્થળ ઉપર અલગ અલગ હિસ્સા વહેંચણી કરેલ છે, દરેક દિકરાનો કબજો યથાવત છે, હવે ૧૯૯૫માં માતા આયશા બીબીનો ઈન્તેકાલ થઈ ગયો, તો શું આ જમીનમાં આયશાબીબીનો કોઈ હક લાગે ખરો ? જો આયશા બીબીનો કોઈ હક લાગે તો શું તેમની દિકરીઓ આ જમીનમાં હકની માંગણી કરી શકે ? યાદ રહે આ જમીન વારસાઈ પેટે નથી, બક્ષિશ પેટે દિકરાઓને આપેલ છે, અને અલગ અલગ કબજો પણ યથાવત છે.

જવાબ: (૧) حامدًا و مصليًا ومسلمًا

સદર જમીન જયારે કે ઝેદે પોતાના બે પૌત્રાઓને બક્ષિસરૂપે આપતા, નામે કરી દીધી હોય, તેઓ તેના માલિક ગણાશે, પૌત્રાઓની માતા (આયશા) નું નામ જો વાસ્તવિક રીતે વાલી તરીકે જ લખવામાં આવ્યું હોય અને તેમના નામની બક્ષિસ કરવામાં ના આવી હોય તો ન હયાતીમાં સદર જમીનના હકદાર હતા અને હવે એમની વફાત થવાની સુરતમાં ન તેઓ (મરહૂમો)ના વારસદારો (કિંવા દિકરા – દિકરીઓ) હકદાર ગણાશે, જયારે દિકરીઓનો વારસા વહેંચણી પેટે કોઈ હક લાગુ થતો ન હોય, એમને માંગણીઓનો કોઈ અધિકાર નથી. (દુર્રે મુખ્તાર શામી : ભાગ : ૫ તસ્હીલે બહેશ્તી ઝેવર : ૨ / ૨૨૪) ફકત અલ્લાહ તઆલા વધુ જાણનાર છે.

તા. ૫ / જુમાદલ ઉખરા : ૧૪૩૩ હિ.– મુતાબિક : ૨૭ / ૪ / ૨૦૧૨ ઈસ્વી.

બોધકથા ..

શેખ સાદી રહ.એ 'ગુલિસ્તાં'માં એક કિસ્સો વર્ણવ્યો છે :

કોઈ શહેરમાં એક ગરીબ – અશક્ત માણસ રહેતો હતો. ત્યાં જ એક માથાભારે માણસ પણ હતો, જેનું રાજદરબારમાં પણ માન હતું. રાજદરબારના સહારે આ માથાભારે માણસ લોકોને સતાવતો પણ લોકો કંઈ કરી શકે એમ ન હતા. એકવાર આ ઝાલિમ માણસે પેલા ગરીબને પથ્થર માર્યો. ગરીબ માણસ કંઈ કરી શકે એમ ન હતો, એટલે ચુપ રહયો, પણ પેલો પથ્થર એણે લઈ લીધો અને સલામત સાચવી રાખ્યો.

થોડા સમય પછી કોઈ ભૂલના કારણે આ ઝાલિમ માણસથી રાજા નારાજ થઈ ગયો. અને રાજદરબારમાંથી એને હાંકીને એક કુવામાં કેદ કરી દેવામાં આવ્યો. પેલો ગરીબ માણસ આ તકની જ રાહ જોઈ રહયો હતો. પોતાની પાસે સાચવીને રાખેલ પથ્થર લઈને કુવા પાસે પહોંચ્યો અને ઉપરથી એ પથ્થર પેલા માણસના માથે માર્યો. પથ્થર વાગ્યો તો પેલા માણસે ઉપર જોઈને પૂછયું કે, તું કોણ છે ? અને શીદને મારા માથે પથ્થર માર્યો છે ?

મઝલૂમ ગરીબે પોતાની ઓળખ આપીને કહયું કે, હું ફલાણો માણસ છું, અને ફલાણી તારીખે તેં મને જે પથ્થર માર્યો હતો, તે આ જ પથ્થર છે.

ઝાલિમે પૂછયું કે, અત્યાર સુધી તું કયાં હતો ? અને હવે કેમ તું બદલો લેવા આવ્યો છે ? મઝલૂમે જવાબ આપ્યો કે, અત્યાર સુધી તારી પાસે શકિત હતી. તને રાજાનું સમર્થન પણ હતું, એટલું હું તારી સામે કમઝોર હતો. પણ હવે તું કુવામાં કેદ છે, કમઝોર છે, એટલે બદલો લેવાનો આ સારો મોકો છે.

કિસ્સો વર્ણવીને શેખ સાદી રહ. એનો બોધ શીખવાડે છે કે, શકિતશાળી માણસ ઝુલમ કરે ત્યારે મઝલૂમે સબર કરીને બદલો લેવાના યોગ્ય સમયની રાહ જોઈએ. અને સમય મળે ત્યારે ભરપૂર બદલો લેવો જોઈએ.

હદીસ શરીફમાં આવે છે કે કયામતના દિવસે અલ્લાહ તઆલા ન્યાયનો દરબાર ભરશે અને દરેક મઝલૂમને એનો બદલો આપશે. ઝાલિમની નેકીઓ લઈને મઝલૂમને આપવામાં આવશે, અને એનાથી ભરપાઈ નહીં થાય તો મઝલૂમના ગુનાહો ઝાલિમના માથે આપીને પણ ભરપાઈ કરવામાં આવશે. માટે મઝલૂમ માણસ રાહ જુએ, કાં તો આ દુનિયામાં જ એને બદલો લેવાની તક મળશે અને વધુ સબ્ર કરી લે તો આખિરતમાં તો વધુ સારો બદલો મળશે.

# The Islamic perspective of Corona Virus and useful guidelines

Nowadays the coronavirus spreading all over the world. Every one is worried about it. As a Muslim what should be we do in this bad situation.

Mostly the coronavirus spreads through respiratory vapor. It could spread through a person sneezing or coughing around you. It is our belief that every virus, epidemic and sickness is decreed only by Allah. An epidemic does not spread by itself. This is understood from the following Hadith:

It is narrated from Abu Hurairah (Radiyallahu Anhu) that Nabi  said, "there is no transitive disease and no evil omen" (Sahih Al- Bukhari: 5757)

It is clear from the above Ahadith that an epidemic/virus does not independently spread. It is decreed by Allah and spreads by the will of Allah. We live in a world of apparent cause and effect. Allah has created an apparent cause for the epidemic/virus to spread.

During the rule of Umar (Radiyallahu Anhu), a sever plague broke out in Syria (Sham) which claimed the lives of thousands of people. If a Muslim passes away in a plague / epidemic, he will be considered a Shaheed (martyr).

Hereunder are some Islamic guidelines on what we should do in our circumstance of the Corona Virus.

**1. Correct our belief/ Aqidah:** It is our belief that every condition is decreed by Allah.

Allah Ta'ala says: Nothing shall ever happen to us except what Allah has ordained for us. He is our Maula

(Lord, Helper and Protector). And in Allah let the believers put their trust. (Surah Taubah: 51)

No calamity befalls (one), but with the leave/permission of Allah. And whoever believes in Allah, He guides his heart. And Allah is All-Knowing about all things. (Al- Taghabun: 11)

This is a test of our Iman. We should submit to the will of Allah. Allah Ta'ala states: And We will surely test you with some fear and hunger and a loss of wealth and lives and fruits (investments etc.)(Al- Baqarah: 155)

**2. Travels:** One should not travel to countries where there is a high risk of being infected by the virus nor should people who are infected by the virus flee from places that are infected by the virus. This is understood from the following Ahadith:

Sa'ad (Radiyallahu Anhu) narrates from Nabi , "If you hear of an outbreak of plague in a land, do not enter it; and if the plague breaks out in a place while you are in it, do not leave from it." (Al- Bukhari: 5728)

If possible, as a matter of precaution, it is advisable to abandon all travel plans.

**3. Taharah and Cleanliness:** Shariah has emphasised on cleanliness and purity.

Nabi says: Abu Malik Al- Ash'ari (Radiyallahu Anhu) narrates that Nabi said: "Cleanliness is half of faith" (Sahih Muslim: 223)

It has been narrated from Abu Hurairah (Radiyallahu Anhu) that: Whenever Nabi would sneeze, he would cover his mouth with his hand or a piece of cloth. (Sunan Al-Tirmidhi: 2745)

**4. Disinfectants from Shariah :** Coronavirus has been classified as an airborne disease. One possible way of preventing the virus from spreading is to disinfect the air

with Loban and similar disinfectants. This is understood from the following Hadith of Nabi

Rasulullah states, 'Fumigate your houses with Loban, Murr (type of grass) and Sa'tar (pleasant smelling plant)' (Al- Matalibul Aliyah, 2448)

Loban is the resin of a tree, Styrax Benzoin. It is extracted by making an incision on the stem of the tree; the secreted liquid is collected dried and sold for usage. It is the source of Benzoin acid, when burnt, its fumes are used as a deodorant and as an antiseptic in sick rooms and hospitals. The fumigation of Loban serves as a good insect repellent, antiseptic and fights epidemics.

**5. Turn to Allah Ta'ala with Dua and seeking forgiveness (Istighfar) and offer Sadaqah:**

When we experience any calamity, we should address it from a practical dimension as well as from a spiritual dimension. While the world Health Organizations are researching the cause of the Coronavirus and its cure, the Ummat should also engage in Dua and seek forgiveness from Allah Ta'ala. This virus could attack anyone at any time. Making Istighfar invokes the mercy of Allah and changes negative conditions into positive conditions.This is stated in the following verses of the Quran:

Ask forgiveness of your Lord. Indeed, He is ever a Perpetual Forgiver. 'He will send rain to you in abundance. And give you increase in wealth and children and provide for you gardens and provide for you rivers. (Surah Nuh: 10 - 12)

We advise the following Dua be recited as much as possible: **Allahumma Inni Aouzu bik Minal barsi wal zunooni wal Juzami Wa saiyyiel asqam.**(Abu Dawood: 1554)

Also, we should try to offer Sadaqah.

Rasulullah says: Anas (Radiyallahu Anhu) said: Hasten in giving Sadaqah, for verily calamity will not pass Sadaqah (Sunan Al- Kubra: 7831)

**6. Don't discriminate against people who are infected:**

Whilst we take precaution in safeguarding ourselves from the virus, we should not stigmatize those affected with the virus. Be careful with our conduct and behavior. We should feel sorry for those that are affected and make Dua for them. Don't conduct ourselves in a way that makes the Chinese people or anyone affected uncomfortable. Use the opportunity to display the beautiful ethics of Islam as a form of Dawah.

Abdullah bin 'Amr (Radiyallahu Anhu) said: Nabi was never obscene or coarse. The Prophet would say, "Verily, the best amongst you are those who have the best manners and character." (Sahih Al- Bukhari: 3559)

Aishah (Radiyallahu Anha) narrates that Nabi said: "Verily, the believer may reach by his good character the rank of one who regularly fasts and stands for prayer at night." (Sunan Abi Dawood: 4798)

It is our heartfelt Dua that Allah Ta'ala have mercy upon us and remove this Coronavirus calamity from us. Aameen. It is now the time to turn towards Allah with Dua and Zikr. Allah alone has power over everything. Allah Ta'ala says:

And to Allah belongs the dominion of the heavens and the earth and whatever is between them. He creates what He wills, and Allah has power over all things. (Al- Ma'idah: 17)

Indeed, Allah is in charge. Allah is in control of everything. ■ ■ ■ ■ ■

### માણસ અને મોર

માણસે મોરની જેમ બનવું જોઈએ. આખી દુનિયા એની સુંદરતા જોઈને નવાઈ પામે છે, વખાણ કરે છે, એની મિસાલ આપે છે, પણ મોર પોતે ફકત પોતાના બદસૂરત પગ જોઈને આંસુ સારે છે. એટલે કે માણસની નજર પોતાની સો ખૂબીઓ ઉપર નહીં, બલકે એક એબ ઉપર હોવી જોઈએ.

### ગીબત

આપણી સમક્ષ બીજાની બુરાઈ અને ગીબત કરનાર માણસ કોઈ બીજાની સામે જરૂર આપણી પણ બુરાઈ અને ગીબત કરતો હશે.

### મુસીબતના સમયે હિમ્મત

મુસીબતના સમયે નાસીપાસ ન થાઓ. માયૂસ થઈને જીવન ન હારો. દુશ્મનની ખાલ ઉતારી લો, દોસ્તોના કપડાં છીનવી લ્યો, પણ હિમ્મત કદી ન હારો. (શેખ સાદી રહ.)

### બહાદુરી

કોઈના મોઢા ઉપર થુંકી દેવું કે બે ચાર મુક્કા મારી દેવા, બહાદુરી નથી. બલકે કોઈ ગરીબના મોઢામાં રોટી – પેંડા મુકવાનું નામ બહાદુરી છે.

### મોટો સખી ?

પોતાની મહેનતથી રોટી કમાનાર અને બીજાની સખાવત ઉપર ભરોસો ન રાખનાર હાતિમ તાઈ કરતાં પણ મોટો સખી છે.

### વસંત અને પાનખર

વસંત અને પાનખર, દુનિયાની બે મહત્વની ઋતુઓ છે. ઝાડની જેમ માણસ ઉપર પણ આવે છે. માટે માલની વસંતમાં ગાફેલ બનીને ગરીબી કે એકલતાની પાનખરને ભૂલવી ન જોઈએ.

### પૂર્વજોની બુરાઈ

પૂર્વજોની બુરાઈ કરવી અને એમને ભાંડવું પોતાની જડો ખોદવા સમાન છે. આ બુદ્ધિશાળી માણસનું કામ નથી. સમજદાર માણસ એમના અનુભવોથી શીખીને આગળ વધે છે અને ભૂલો સુધારીને એમને સન્માન આપે છે.

### મર્યાદા અને વકાર જાળવો

જેમ જેમ માણસની ઉમર વધે, માન – મરતબો વધે, જવાબદારીઓ વધે એ મુજબ પોતાની મર્યાદા અને વકારનો ખ્યાલ રાખવો જરૂરી છે. મસ્તી મઝાક છોકરાઓ અને મસ્ખરાઓ માટે રાખી મુકવા જોઈએ.

### બુલબુલ અને ઘુવડ

વસંતમાં બુલબુલ ગીતો ગાય છે, પણ પાનખરમાં એ ખામોશ રહે છે, બરબાદીની બુમો ઘુવડ પાડે છે. માણસે સારી વાતો કહેવી જોઈએ અને તકલીફની વાતો સાંભળીને ખામોશ રહેવું જોઈએ. એને ફેલાવવી બુરા લોકોનું કામ છે.

= *પેજ નંબર ૩૦ નું બાકી. જ. સુલેમાનભાઈ બાલા રહ.*

થોડા દિવસ પહેલાં તાવ અને તકલીફનો એહસાસ થતાં પોતે અલમહમૂદ હોસ્પિટલે આવ્યા, ટેસ્ટ પોઝીટીવ આવતાં પોતે જ દાખલ થઈ ગયા. શરૂના દિવસોમાં તબિયત પણ સારી હતી. અલબત્ત એમને કદાચ એહસાસ થઈ ગયો હોય એમ ત્યાં રહીને બધો હિસાબ કિતાબ પતાવવા માંડયા હતા. અને અંતે થયું પણ એવું જ. તેઓ હોસ્પિટલેથી પાછા આવ્યા જ નહીં અને અલ્લાહની રહમતે પહોંચી ગયા.

કોરોના જેવી વબામાં મોત થવાને હદીસ શરીમાં શહાદતની મોત ગણાવવામાં આવી છે, એમની નિખાલસ સેવાઓની કુબૂલયિતના ફળ સ્વરૂપ જ કહી શકાય કે એમને આ મુબારક મોત મળી. છેલ્લી ઘડીએ એમની પાસે મોજૂદ એમના જમાઈ રફીકભાઈના જણાવવા મુજબ એમણે કલિમો પઢયો. હઝરત યુનુસ અલૈ.એ માછલીના પેટમાં પઢેલ દુઆ યાદ કરીને પઢી અને આખિરતની સફરે રવાના થયા. નિશંક એમની વફાત એમના પરિચય વતૂળ અને સેવા વર્તૂળમાં એક મોટી ખોટ છે. હવે અનેક માણસોએ થઈને એમના જેટલું કામ કરવા આગળ આવવું પડશે.

અલ્લાહ તઆલા એમને શહાદતનો મરતબો આપે. મગફિરત ફરમાવે. જન્નતુલ ફિરદોસમાં ઉચ્ચ સ્થાન અતા ફરમાવે. એમના ભાઈ–બહેનો, પુત્રો – પુત્રીઓ અને અન્ય સગાઓને સબ્ર અને અજ્ર અતા ફરમાવે. આમીન.

---

પાછલા દિવસોમાં દેશ વિદેશમાં અનેક લોકોની વફાતની ખબર આવી છે. આસપાસ અને દૂરના, અનેક જાણ્યા – અજાણ્યા, સગાં – પારકાં, ઉલમા, શિક્ષિતો, સામાજિક આગેવાનો, જામિઅહના હમદર્દો અને સામાન્ય જનની વફાતના સમાચારો આવ્યા છે, એ બધાના ટુંકા ઉલ્લેખ માટે પણ અલબલાગના પાના ઓછાં પડે એમ છે. અત્રે બધાની નોંધ લેવી શકય નથી. શકય અને જરૂરી નોંધ આવતા અંકોમાં લેવાની કોશિશ કરીશું, ઈન્શાઅલ્લાહ. આજ સુધી સ્થિતિ એ હતી કે અલબલાગના પાને બીમારીની જાણકારી આપીને દુઆની દરખાસ્ત કરવામાં આવતી હતી, અને આજે સ્થિતિ આ છે કે વફાતના સમાચારો માટે પણ જગ્યા ઓછી પડી રહી છે. અલ્લાહ તઆલા આ બીમારી દૂર કરીને સમગ્ર માનવજાતને નજાત આપે. દરેક માટે દુઆ કરીએ છીએ કે અલ્લાહ તઆલા એમની મગફિરત ફરમાવે. જન્નતુલ ફિરદોસમાં ઉચ્ચ સ્થાન અતા ફરમાવે. જામિઅહ પરિવાર આ બધા પરિવારોના ગમમાં શરીક છે. અલ્લાહ તઆલા એમને સબ્રની તોફીક આપે, ગૈબથી દરેક પરિવારની મદદ ફરમાવે. આમીન.